અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 08, Dt.21-10-2023 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

આઇશ્રી કરણીજીનો ૬૩૬મો પ્રાગટ્ય દિવસ

ગગનયાને પ્રથમ ટેસ્ટિંગ માટે ઉડાન ભરી, ISROનું ફલાઈટ TV-D1નું સફળ પરીક્ષણ

પ્રક્ષેપણ બાદ અવકાશમાં પહોંચ્યું હતું અને પછી બંગાળની ખાડીમાં સુરક્ષિત રીતે ઉતર્યું

નવી દિલ્હી,તા૨૧: ચંદ્રયાન-૩ની સફળતા બાદ આજે ભારતે તેના નવા મિશન 'ગગનયાન'માં પ્રથમ ટેસ્ટ ફલાઈટનું સફળ પરિક્ષણ કર્યું હતું. સમાનવ અવકાશયાન મોકલવાના મહાત્વાકાંક્ષી આયોજનમાં અવકાશયાત્રીઓને સલામત પરત લાવવાના ભાગરૂપે 'ક્રુ' એસ્કેપ સીસ્ટમ ટીવી-ડી-૧ને શ્રી હરિકોટાના અવકાશ મથકેથી રવાના કરવામાં આવ્યું હતું.

આ પરિક્ષણ આજે સવારે ૧૦ વાગ્યે બીજા પ્રવાસે સફળ રહ્યું છે. પાંચ સેકન્ડ સુધીમાં રોકેટ-ઈગ્નીશન સક્રીય ન થતા પરિક્ષણ ટેકનીકલ કારણોસર મુલત્વી રહ્યું હતું અને ફકત બે કલાકમાં જ આ ક્ષતિ દૂર કરીને ફરી તેને રવાના કરવામાં આવ્યું હતું. ક્રૂ એસ્કેપ મોડ્યુલ પ્રક્ષેપણ બાદ અવકાશમાં પહોંચ્યું હતું અને પછી બંગાળની ખાડીમાં સુરક્ષિત રીતે ઉતર્યું હતું.ISRO ચીફે એસ. સોમનાથે ગગનયાનની સફળતા અંગે કહ્યું હતું કે ગગનયાન TV-D1 મિશનની સફળતાની જાહેરાત કરતાં મને ખૂબ જ આનંદ થાય છે. આ ઉપરાંત ISRO ચીફે તમામ વૈજ્ઞાનિકને શુભેચ્છા પાઠવી હતી. ISROના ગગનયાન મિશનની ફલાઈટ TV-D-1નું પરીક્ષણ સફળ રહ્યું હતું. ક્રૂ એસ્કેપ મોડ્યુલ પ્રક્ષેપણ બાદ અવકાશમાં પહોંચ્યું હતું

મિશન કેટલું મહત્વનું છે?

ISRO નું આ મિશન અત્યારે સુધીના બધા મિશનથી ખુબજ અલગ અને ખાસ છે. અત્યાર સુધીમાં ભારત દ્વારા કરવામાં આવેલા બધા જ સ્પેસ મિશન માનવ રહિત હતા. પરંતુ આ મિશનમાં માણસને પૃથ્વીથી સ્પેસ શટલ મારફતે અંતરીક્ષમાં મોકલવામાં આવશે. ત્યાં સાત દિવસ વિતાવીને પાછો પૃથ્વી પર આવશે. આ પ્રક્રિયા ખુબ જોખમી છે આથી જ દુનિયામાં ઘણા ઓછા દેશ છે જેણેઆ પ્રકારના સ્પેસ મિશન સફળતાપૂર્વક કર્યા હોય.

ગગનયાન મિશન શું છે?

ISRO આ મિશન દ્વારા પૃથ્વીની નીચલા ભ્રમણકક્ષા (LEO)માં માનવયુક્ત અવકાશયાન મોકલશે. ISRO નો ઉદ્દેશ્ય મનુષ્યોને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને આમ કરવા માટે સ્વદેશી ક્ષમતા વિકસાવવાનો છે. આ માટે મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી છે. ઇસરોનો દાવો છે કે સુરક્ષાની દૃષ્ટિએ આ મિશન માટે જઈ રહેલા અવકાશયાત્રીઓને પૃથ્વી પર મળે તેવી લાઇફ સપોર્ટ સિસ્ટમ આપવામાં આવશે. તેમની સુરક્ષા માટે ખાસ કાળજી લેવામાં આવી છે. મિશન શરૂ કરતા પહેલા અનેક ટેસ્ટ કરીને તેમની સુરક્ષાની ચકાસણી કરવામાં આવશે. આમાં એર ડ્રોપ ટેસ્ટ (IADT), પેડ એબોર્ટ ટેસ્ટ (PAT) અને ટેસ્ટ વ્હીકલ (TV) ફ્લાઇટનો સમાવેશ થાય છે. આ પરીક્ષણોના પરિણામો જ જણાવશે કે આ મિશન અવકાશયાત્રીઓને લઈ જવા માટે કેટલું સક્ષમ છે. ગગનયાન મિશન બનાવવામાં ISROએ DRDO અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની પણ મદદ લીધી છે. જો ISRO અવકાશયાત્રીને અવકાશમાં મોકલવામાં સફળ થાય છે, તો તે અમેરિકા, રશિયા અને ચીન પછી માનવીને અવકાશમાં મોકલનાર ચોથો દેશ બની જશે.

દેશભરમાં હજારો કરદાતાઓને આઈ.ટી. નોટીસ!

આકારણી વર્ષ ૨૦૦૩-૦૪ અને ૦૪-૦૫ના બાકી વેરાની ઉઘરાણી થતા આશ્ચર્ય: ૨૦ વર્ષ જુનો રેકોર્ડ શોધવા દોડધામ: કાનુની જંગ પણ છેડાશે

નવી દિલ્હી તા.૨૧ : દેશમાં એક તરફ આવકવેરાના રિટર્ન ફાઈલીંગ અને રિફંડની પ્રક્રિયા સૌથી ઝડપી બનાવવામાં આવી છે અને ગત વર્ષના આવકવેરા રિટર્નમાં ફકત સાત દિવસમાં જ જો રિફંડ ડયુ થતુ હોય તો પણ જે તે કરદાતાને ક્રેડીટ કરવામાં આવે છે તે સમયે અચાનક જ દેશભરમાં અનેક આવકવેરા કરદાતાઓને નાણાકીય વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪ તેમજ ૨૦૦૪ તથા ૨૦૦૫ના નહી ચૂકવાયેલા ટેક્ષની નોટીસો મળવા લાગતા તેઓ આશ્ચર્યમાં પડી ગયા છે. છેલ્લા કેટલાક સમયથી વ્યકિતગત કરદાતાઓને આવકવેરા વિભાગ તરફથી અનપેઈડ ટેક્ષ એક સમાહમાં જમા કરાવવા માટેની નોટીસ મળવા લાગી છે.

જયારે આવકવેરામાં રેકોર્ડ દર્શાવે છે કે આ પ્રકારનો ટેક્ષ ભરપાઈ કરવામાં આવ્યો નથી પરંતુ જે કરદાતાને આ પ્રકારની નોટીસ મળી છે તેઓ કહે છે કે ટેક્ષની રકમ તેઓએ જે તે સમયે જ ચૂકવી દીધી છે. એસેસમેન્ટ વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫માં જે નોટીસો ફટકારવામાં આવી છે તેમાં બાકી વેરાની રકમ અત્યંત ઓછી પણ દર્શાવાઈ છે જયારે કેટલાક પાસે મોટી રકમની ડિમાન્ડ કરવામાં આવી છે અને તેથી કરદાતાઓ હવે તેમના બે દશકા જેટલા જુના ટેક્ષ પેમેન્ટ, ચલણને શોધવા માટેની પ્રક્રિયામાં વ્યસ્ત થઈ ગયા છે. મોટાભાગના કરદાતાઓએ આ જુનો રેકોર્ડ નષ્ટ કરી દીધો હોવાનું પણ માનવામાં આવે છે અને તેથી તેને આ નોટીસનો જવાબ આપવાનું મુશ્કેલ બની રહ્યું છે. જો કે નિષ્ણાંતો માને છે કે આવકવેરા વિભાગે જુની સીસ્ટમમાંથી નવી સીસ્ટમમાં જે માઈગ્રેશન કર્યું તેના કારણે આ પ્રકારની ટેક્ષ નોટીસ જનરેટ થઈ હોય તેવું શકય છે. કેટલાક કરદાતાઓને ચાલુ વર્ષના રિફન્ડની સામે તેની આ બે દશકા જુની જવાબદારી સેટલ કરી દેવાની નોટીસ પણ આપવામાં આવી છે. પરંતુ મોટાભાગના કેસમાં જુના રેકોર્ડ ઉપલબ્ધ નહી હોવાથી તેમના માટે હવે જવાબ કઈ રીતે આપવો તેની કાનુની સલાહ લેવાનું શરુ થયું છે. આવકવેરા વિભાગ ૧૦ વર્ષ સુધીના એસેસમેન્ટ રીઓપન કરી શકે છે. પરંતુ આવકવેરા કરદાતા પાસેથી જુની નોટીસના આધારે ટેક્ષ ડીમાન્ડ કરવામાં કોઈ મર્યાદા નથી.

MBBSમાં ૩૦ સપ્ટેમ્બર બાદ એડમીશન થયા હશે તો તે અમાન્ય રહેશે

નવી દિલ્હી,તા.૨૧ નેશનલ મેડીકલ કમિશન (એનએમસી)એ યુજી કોર્સ એમબીબીએસમાં એડમીશનની કટ ઓફ ડેટ પુરી કર્યા બાદ પણ કેટલાંક રાજયોમાં ચાલુ કાઉન્સેલીંગની પ્રક્રિયા પર સખત વાંધો ઉઠાવ્યો છે. એનએમસીએ પબ્લિક નોટીસનાં માધ્યમથી સ્પષ્ટ કર્યુ છે કે, એમબીબીએસ કોર્સમાં એડમીશન માટે કાઉન્સેલીંગ પ્રક્રિયાનું શેડયુલ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી નિર્ધારીત હતું. આ તારીખ બાદ જેટલા પણ એડમીશન થઈ રહ્યા છે તે બધા અમાન્ય છે. આ એડમીશનને એનએમસી માન્યતા નહિં આપે.

એનએમસીનાં અન્ડર ગ્રેજયુએટ મેડીકલ એજન્યુકેશન બોર્ડની પ્રેસીડેન્ટ ડો.અરૂણા વી.વાનીકરનું કહેવુ છે કે, ૨૭ જુલાઈ ૨૦૨૩ ની પબ્લીક નોટીસનાં માધ્યમથી બધા સંબંધીત પક્ષોને દર્શાવવામાં આવ્યુ હતું કે, એમબીબીએસ કોર્સમાં પ્રવેશની કટ ઓફ ડેટ ૩૦ સપ્ટેમ્બર છે.એનએમસીએ સુપ્રિમ કોર્ટનાં દિશા-નિર્દેશ મુજબ જ કાઉન્સીલ પ્રક્રિયા નકકી કરી છે.

જો કટ ઓફ ડેટ બાદ એડમીશન થાય છે તો તે એનએમસીની નોટીસની સાથે સુપ્રિમ કોર્ટનાં નિર્દેશોનું પણ ઉલ્લંઘન હશે. કાઉન્સેલીંગ પ્રક્રિયાને લઈને જે પણ નિયમ નકકી કરવામાં આવે છે તેને લાગુ કરવા દરેક રાજય અને મેડીકલ કોલેજની જવાબદારી છે. એનએમસીએ બધી મેડીકલ કોલેજોને તાત્કાલીક અસરથી એમબીબીએસ કોર્સમાં એડમીટ થયેલા વિદ્યાર્થીઓની ફાઈનલ લિસ્ટ માંગી છે પરંતુ હજુ સુધી કેટલીક કોલેજોએ આ ડીટેલ નથી આપી. કટ ઓફ ડેટ બાદ અનેક રાજયોમાં એમબીબીએસ કોર્સમાં કેટલીક બેઠક ખાલી રહી ગઈ છે.

કેન્દ્ર સરકારનાં ધોરણે રાજ્ય સરકારનાં તમામ કર્મચારીઓને ૪ ટકા મોંઘવારી ભથ્થુ તુરંત આપો

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા મુખ્યમંત્રી અને નાણાં મંત્રીને કરી રજૂઆત

રાજકોટ, તા.૨૧ : તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલું ૪ ટકા મોંઘવારી ભથ્થુ હવે તુરંત જ રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ બોર્ડ અને નિગમનાં કર્મચારીઓને આપવા માટે ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળએ માંગણી કરી છે અને રાજયચયનાં મુખ્યમંત્રી તથા નાણાંમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

કર્મચારી મહામંડળે મુખ્યમંત્રી અને નાણાંમંત્રીને પાઠવેલા પત્રોમાં જણાવાયું હતું કે કેન્દ્ર સરકારના ધોરણે રાજ્ય સરકારના કર્મચારી-અધિકારી તથા બોર્ડ નિગમ કર્મચારી-મહાનગર પાલિકાઓ યુનિ.ના કર્મચારીઓને પગારપંચ તેમજ અન્ય લાભો લાગુ પાડવાનો રાજ્ય સરકારે સૈધ્ધાંતિક સ્વીકારે કરેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧ જુલાઈ-૨૦૨૩ની અસરથી મોંઘવારી ભથ્થાના દરમાં ૪ ટકાનો વધારો કરી ૪૨ ટકાથી ૪૬ ટકા જાહેર કરેલ છે. તે મુજબ અસહ્ય મોંઘવારીને ધ્યાને લઈ ૧ જુલાઈથી રાજ્ય સરકારના અધિકારી-કર્મચારીઓ બોર્ડ નિગમ-મહાનગરપાલિકાનાઓ યુનિ.ના કર્મચારીઓને આપવામાં આવતા મોંઘવારી ભથ્થાના દરમાં ૪ ટકા વધારો કરવા અંગેના હુકમો સત્વરે બહાર પાડવા ગુજરાત સરકારના કર્મચારીઓ વતી ગુજરાત રાજ્ય સંકલન સમિતિએ જણાવેલ હતું.

વ્યાજદર ઉંચા જ રહેશે: મુખ્ય લક્ષ્યાંક મોંઘવારી ઘટાડાનો: શક્તિકાંતા દાસ

હજું આગામી વર્ષના મધ્ય સુધી સ્થિતિ યથાવત રહેશે

મુંબઈ,તા૨૧: રશિયા-યુક્રેન યુદ્ધની સમાપ્તી બાદ હવે ઈઝરાયેલ-હમાસ વચ્ચેના સંઘર્ષના પડયા વિશ્વભરમાં છે અને તેના કારણે વૈશ્વિક અર્થતંત્ર દબાણ હેઠળ હોવાનું સ્વીકારતા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ગવર્નર શકિતકાંતા દાસે જણાવ્યું હતું કે, હજું આગામી સમય ઉંચા વ્યાજદરની સ્થિતિ બની રહેશે.

દાસે ગઈકાલે કૌટીલ્ય-ઈકોનોમીક કોન્કલોપ-૨૦૨૩માં સંબોધન કરતા કહ્યું કે, રીઝર્વ બેન્કનું પુરૂ ધ્યાન 'અર્જુનની આંખ'ની માફક મોંઘવારી ઘટાડવાનું સુનિશ્ચિત કરવા પર જ છે અને તેના કારણે જ જુલાઈમાં ફુગાવો જે દર ૭.૪૪% એ હતો તે ઘટાડા ભણી છે અને ફુગાવો ઘટાડવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ આ વર્ષે ફેબ્રુઆરીથી જ રેપોરેટમાં કોઈ ફેરફાર કર્યા જ નથી જે હાલ ૬.૫% પર યથાવત જ છે.

અમોએ એક વર્ષમાં વ્યાજદર ૨.૫૦% વધાર્યા છે અને તેનો હેતુ ફુગાવાને ટાર્ગેટ કરાતો હતો અને ખૂબજ મહેનત બાદ આર્થિક સ્થિતિમાં સ્થિરતા જળવાઈ રહે તે નિશ્ચિત કરવા અમો પ્રયાસ કરી રહ્યા છે. રીઝર્વ બેન્કો વ્યાજદર વધાર્યા નહી હોવા છતાં પણ બેન્કોને મળતી ધિરાણ માંગને પહોંચી વળવા નાણાકીય આવશ્યકતા માટે તેના થાપણદર વધારવા પડયા છે અને તેથી બેન્કોના માજીર્ન પર દબાણની સ્થિતિ છે તેથી ફરી ધિરાણદરમાં વૃદ્ધિ થઈ શકે છે.

રૂ.૧૦૦૦ની ચલણી નોટો પુનઃ લાવવાની કોઈ વિચારણા નથી: RBI

મુંબઈ: દેશમાં રૂ.૨૦૦૦ની ચલણી નોટો હવે ભૂતકાળ બની ગઈ છે તે સમયે રૂ.૫૦૦ની નોટોથી જ કામ ચલાવવું પડશે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા ટુંક સમયમાં જ રૂ.૨૦૦૦ની ચલણી નોટો પરત લેવા આરબીઆઈમાં જે વિન્ડો છે તે બંધ થવાની સતાવાર જાહેરાત કરશે અને હાલ ફકત રૂ.૧૦૦૦૦ કરોડની જ ગુલાબી (રૂ.૨૦૦૦)ની નોટો લોકો પાસે છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ગવર્નર શ્રી શકિતકાંતા દાસે ફાયનાન્સીયલ સ્ટેબીલીટી એન્ડ રૂપી વોલાટીલીટી અંગેના એક સેમીનારને સંબોધન સમયે જણાવ્યું કે રૂ.૧૦૦૦ની ચલણી નોટો પરત લાવવાની કોઈ વિચારણા બેન્ક પાસેથી રૂ.૫૦૦ સહિતની જે નોટો છે તે વર્તમાન માંગને પહોંચી શકે તેમ નથી. તેઓએ કહ્યું કે રૂ.૨૦૦૦ની એકસચેંજ પ્રક્રિયા ખૂબજ સરળતાથી ચાલી હતી અને લોકોએ કોઈ ચિંતા વગર જ પોતાની પાસે રહેલી રૂ.૨૦૦૦ની ચલણી નોટો બેન્કોમાં નિયમ મુજબ એકસચેંજ કરી હતી અથવા ખાતામાં જમા કરાવી હતી.

ડાયાબીટીસ અને કેન્સરની ૬૩ દવાઓ એઈમ્સમાં નિ:શુલ્ક મળશે

મોદી સરકારનો મહત્વનો નિર્ણય: દિલ્હી એઈમ્સથી નવી યોજનાનો પ્રારંભ

નવી દિલ્હી,તા.૨૦ કેન્દ્રની મોદી સરકારે ગરીબ દર્દીઓને એક મોટી રાહતમાં કેન્સર અને ડાયાબીટીસના દર્દીઓ માટે જે ૬૩ પ્રકારની મોંઘી દવાઓ છે તે એઈમ્સમાં સારવાર દરમ્યાન મફતમાં મળે તે નિશ્ચિત કર્યું છે અને પ્રારંભમાં તે દિલ્હી સ્થિત ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ ખાતે ઉપલબ્ધ બનશે અને તબકકાવાર તે દેશની તમામ એઈમ્સમાં પણ ઉપલબ્ધ કરાવાશે જેના કારણે ડાયાબીટીસ અને કેન્સરના દર્દીઓને મોટી રાહત મળશે.

દિલ્હી એઈમ્સના ડિરેકટર પ્રો. એમ.શ્રીનિવાસને કહ્યું કે આ નિર્ણયથી એઈમ્સમાં સારવાર આપતા ડોકટરોને પણ બહારની દવા રિફર કરવાની જરૂર રહેશે નહી, દિલ્હી એઈમ્સમાં દર્દીઓની સાથે એક સાથીદારને રહેવાની પણ મંજુરી આપવામાં આવી છે અને તેના માટે ગરીબો પાસેથી કોઈ ચાર્જ લેવાશે નહી જે દવાઓને ફી કરવામાં આવી છે તે દવાઓ આગામી સમયમાં અન્ય એઈમ્સમાં પણ નિ:શુલ્ક મળશે તેનાથી દર્દીઓને મોટી રાહત થશે.

ગુજરાતને વાવાઝોડાની અસર થવાની સંભાવના નહીવત

યમન-ઓમાનના દરિયાકાંઠે ટકરાવાની આશંકા: ગુજરાતમાં તાપમાન નોર્મલ-૩૬ ડીગ્રી- આસપાસ જ રહેશે

રાજકોટ,તા.૨૧ દેશભરમાંથી ચોમાસાની વિદાય વચ્ચે હવે અરબી સમુદ્ર તથા બંગાળની ખાડી એમ બે વાવાઝોડા સિસ્ટમ સક્રીય બની છે. જો કે, ગુજરાતમાં આચારની શકયતા નહીંવત છે. તા.૨૭મી સુધી રાજયમાં વાતાવરણ સુકુ જ રહેશે અને તાપમાન ૩૬ ડીગ્રીના નોર્મલ સ્તર આસપાસ હોવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે, નૈઋત્ય ચોમાસાએ સમગ્ર દેશમાંથી વિદાય લઈ લીધી છે. હવે અરબી સમુદ્ર તથા બંગાળની ખાડીમાં બે જુદી-જુદી સિસ્ટમ સર્જાઈ છે. ગઈકાલે દક્ષિણ-પુર્વ અરબી સમુદ્રમાં લો-પ્રેસર હતું તે પશ્ચિમ તરફ ગતિ

કરીને વેલમાર્ક લો-પ્રેસર બન્યા બાદ હવે ડીપ-ડીપ્રેસનમાં પરિવર્તિત થઈ ગયું છે.

હાલ આ સિસ્ટમ દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્ર પર છવાયેલી છે અને મુખ્યત્વે પશ્ચીમ-ઉતર-પશ્ચિમ તરફ ગતિ કરે છે. દક્ષિણ ઓમાન તરફ આગળ ધપશે. આવતીકાલે વાવાઝોડામાં પરિવર્તિત થશે અને ત્યારબાદ પણ વાવાઝોડુ વધુ મજબૂત થશે. આ ઉપરાંત દક્ષિણ-પુર્વ બંગાળની ખાડીમાં અપર એર સાયકલોનિક સરકયુલેશન સર્જાયુ હતું તે આજે લો-પ્રેસરમાં રૂપાંતરીત થયુ છે., આજે તે દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી તથા તેને લાગુ દક્ષિણ-પુર્વ બંગાળની ખાડી પર છે. આ સિસ્ટમ પણ આવતા દિવસોમાં ડીપ ડીપ્રેસનમાં પરિવર્તિત થશે.

તા.૨૨થી૨૭ ઓકટોબરની આગાહી કરતા તેઓએ કહ્યું કે, આ દરમ્યાન વાતાવરણ સુકુ અને સૂર્યપ્રકાશિત જ રહેશે. કયારેક આકાશમાં વાદળો જોવા મળી શકે. આ દરમ્યાન મહતમ તાપમાન નોર્મલ કે તેનાથી ઉંચુ જ રહેવાની સંભાવના છે. હાલ નોર્મલ તાપમાન ૩૫થી૩૬ ડીગ્રી છે. પવન મુખ્યત્વે ઉતર-પશ્ચિમ, ઉતર તથા ઉતરપુર્વના રહેશે. અરબી સમુદ્રની વાવાઝોડા સિસ્ટમ ભારતથી દુર જઈ રહી છે. એટલે ગુજરાતને અસર થવાની શકયતા નહીવત છે છતાં તેમાં નિયમિત અપડેટ અપાશે. વાવઝોડાની સિસ્ટમ હોવાથી હવામાન વિભાગની સલાહને અનુસરવા તેઓએ સ્પષ્ટતા કરી હતી.

ચક્રવાત તેજથી કોઈ ખતરો નથી

હવામાન વિભાગે કહ્યું હતું કે કેટલીકવાર વાવાઝોડું તેની આગાહી કરેલો રસ્તો અને તીવ્રતા બદલી શકે છે જેવી રીતે બિપરજોય વાવાઝોડાના કિસ્સામાં જોવા મળ્યું હતું જે જૂનમાં અરબી સમુદ્રમાં સર્જાયું હતું અને લેન્ડફોલ કરવા માટે તેની ઝડપ અને દિશા બદલતા પહેલા શરૂઆતમાં ગુજરાતના માંડવી અને પાકિસ્તાનના કરાચી વચ્ચે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ચક્રવાત પમ-ઉત્તરપશ્ચિમ દિશા તરફ આગળ વધશે જેનાથી ગુજરાત પર કોઈ અસર થશે નહીં. રાજયના રાહત કમિશનર આલોક કુમાર પાંડે એ કહ્યું હતું કે હાલ ચકવાત તેજથી કોઈ ખતરો નથી. રાજયમાં આગામી સાત દિવસ હવામાન સુકું રહેશે.

મુંબઈમાં ચક્રવાતને લઈને એલર્ટ જાહેર કરાયું

ખાનગી હવામાન આગાહી કરતી એજન્સીના જણાવ્યા અનુસાર હાલ ચક્રવાત યમન-ઓમાનના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે, જો કે હવામાન વિભાગે પહેલા જ કહ્યું હતું કે ચક્રવાતની અસર મુંબઈમાં વધું થઈ શકે છે જેને પગલે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે કહ્યું છે કે આગામી ૪૮ કલાકમાં દક્ષિણ પૂર્વ અને તેની નજીકના પૂર્વ મધ્ય અરબી સમુદ્રમાં નીચા દબાણનું ક્ષેત્ર વિકસિત થવાની સંભાવના છે.

અમદાવાદ ખાતે ૨૪મી ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૩ના પૂર્ણાહુતિ

પોલીસની સ્ટ્રેસવાળી નોકરીમાં રમતગમત અને યોગ જેવી પ્રવૃત્તિઓ ફિટ રહેવા માટે ખૂબ જ ઉપયોગી બનતી હોય છેઃ મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પોલીસ લોન ટેનિસ વિજેતાઓને એવોર્ડ એનાયત કરાયા

અમદાવાદ,તા.૨૧

રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે ૨૪મી ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૩ના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીના હસ્તે પોલીસ લોન ટેનિસ વિજેતાઓને એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશને ફિટ ઇન્ડિયાનો મંત્ર આપીનેને રમતગમત ક્ષેત્રે લોકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે અને દેશના યુવાનોને રમતગમત ક્ષેત્રે આગળ વધવા પ્રેરિત કર્યા છે. ઓલ ઇન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ દ્વારા પણ લોન ટેનિસ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, તે સરાહનીય છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આવી સ્પર્ધાઓથી વિવિધ રાજ્યના પોલીસ કર્મચારીઓને એકબીજા સાથે સમય વિતાવવાનો અવસર પ્રાપ્ત થાય છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સાકાર થાય છે. સાથે જ એકબીજા સાથે વિવિધ સાંસ્કૃતિક બાબતોનું આદાનપ્રદાન પણ કરે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સારા સ્વાસ્થ્ય માટે રમતગમત ખૂબ જ અનિવાર્ય છે. પોલીસની નોકરીમાં શારીરિક અને માનસિક બંને પ્રકારનો સ્ટ્રેસ રહેતો હોય છે. સ્ટ્રેસવાળી પોલીસની નોકરીમાં રમતગમત અને યોગ જેવી પ્રવૃત્તિઓ ફિટ રહેવા માટે ખૂબ જ ઉપયોગી બનતી હોય છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત પોલીસે પહેલી વખત આ ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપની યજમાની કરી છે, જે માટે સમગ્ર રાજ્ય ગૌરવ અનુભવે છે. મુખ્યમંત્રીએ આ સફળ આયોજન બદલ ડીજીપી વિકાસ સહાય અને ગુજરાત પોલીસ તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ ઓલ ઇન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ દ્વારા થતી આવી ઉમદા કામગીરી ભવિષ્યમાં પણ આ રીતે યોજાતી રહે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, ઓલ ઇન્ડિયા પોલીસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડના ચેરમેન રાહુલ રસગોત્રા, અમદાવાદનાં મેયર પ્રતિભાબેન જૈન, સાંસદ નરહરિ અમીન, અને હસમુખ પટેલ, ધારાસભ્ય હર્ષદભાઈ પટેલ, ડેપ્યુટી મેયર જતીન પટેલ, વિવિધ રાજ્યમાંથી આવેલ લોન ટેનિસ પોલીસ ટીમ, તેમજ જિલ્લા અને રાજ્યના વિવિધ પોલીસ અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૪મી ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં વેટરન્સ ડબલ્સ, વેટરન્સ સિંગલ્સ, ઓપન ડબલ્સ, ઓપન સિંગલ્સ, ટીમ ઇવેન્ટ ચેમ્પિયનશિપ તેમજ રોલિંગ ટ્રોફી ચેમ્પિયન જેવી વિવિધ કેટેગરીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં રોલિંગ ટ્રોફી ચેમ્પિયનમાં ટીમ મેનેજર રાહુલ બલિયાન (એસપી) (આઇ.ટી.બી.પી)ને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. આ સિવાય ઓપન ડબ્લસ ચેમ્પિયનમાં ગુજરાત તરફથી રવિરાજસિંહ જોડેજા વિજેતા રહ્યા હતા. દેશના વિવિધ રાજ્યોમાંથી પધારેલ કુલ ૨૨ પોલીસ લોન ટેનિસ ટીમની રમતનું સફળતાપૂર્વક આયોજન કરાયું હતું.

રઘુનંદન સોસાયટીમાં ગરબે ઘુમતી બાળાઓ

રાજકોટઃ રાજકોટ શહેરના માંડા ડુંગર, મહિકાના પાટીયા પાસે રઘુનંદન સોસાયાટીમાં આયોજીત રઘુનંદન ગરબી મંડળની બાળાઓ એ રાસ રમી માતાજીની આરાધના કરે છે.ગરબીમાં દિવારાસ સહિતના રાસ રમાડવામાં આવે છે. દાતાઓ તરફથી પ્રસાદ અને લહાણી વિતરણ કરવામાં આવે છે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવા માટે જતિનભાઈ મિયાત્રા અને પંકજભાઈ જહેમત ઉઠાવી રહયા છે.

Vi ગ્રાહકો સમગ્ર ગુજરાતમાં ૧૦ શહેરોમાં મેગા ગરબા ઈવેન્ટ માટે પાસ મેળવી શકે છે

ગરબાના શોખીનોને સોશિયલ મીડિયા પર BesomeonesWe હૂક સ્ટેપ વીડિયો કોન્ટેસ્ટમાં ભાગ લેવા અને આકર્ષક ઈનામો જીતવા આમંત્રણ આપે છે

અમદાવાદ,તા.૨૧

અગ્રણી ટેલિકોમ પ્લેયર **Vi** દર વર્ષે ગુજરાતમાં પરંપરાગત ભવ્યતા સાથે નવરાત્રિની ઊજવણી કરે છે. આ વર્ષે **Vi** ગુજરાતના રહેવાસીઓને રાજ્યના ૧૦ શહેરોમાં તેના ભવ્ય ગરબા ઉત્સવનો ભાગ બનવા તેમજ **Vi** ગરબા હૂક સ્ટેપ સોશિયલ મીડિયા કોન્ટેસ્ટમાં ભાગ લેવા અને આકર્ષક ઈનામો જીતવાની તક મેળવવા આમંત્રણ આપે છે. **Vi** તમામ નાગરિકોને નવરાત્રિની આનંદદાયક ભાવના પરિવાર, મિત્રો તેમજ સમાજના અન્ય તમામ લોકો સાથે શેર કરવા વિનંતી કરે છે જેથી કરીને કોઈને છૂટાછવાયા કે એકલતાનો અનુભવ ન થાય. ગ્રાહકો, ખાસ કરીને મહિલાઓ કે જેમને આનંદની વચ્ચે થોડો આરામ કરવાની જરૂર પડી શકે છે અથવા પીવાના પાણીની જરૂર પડી શકે છે તેની કાળજીના સંકેત તરીકે, આવશ્યક ટેલિકોમ સેવાઓ માટે, ગુજરાતમાં પસંદગીના **Vi** સ્ટોર્સ નવરાત્રિ દરમિયાન રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

Vi એ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, ગાંધીધામ, જામનગર, જૂનાગઢ, મહેસાણા અને વાપીમાં ટોપલાઈન ગરબા ઈવેન્ટ્સ સાથે ભાગીદારી કરી છે. **Vi** ગ્રાહકો આ શહેરોમાં સિલેક્ટ **Vi** સ્ટોર્સ દ્વારા આ ગાલા ગરબા ઈવેન્ટ્સ માટે પાસ મેળવી શકે છે જે વહેલા તે પહેલાના ધોરણે ઉપલબ્ધ થશે. તહેવારોની આસપાસ એકતાની ભાવનાને આગળ વધારવા માટે, **Vi** ગરબાના ઉત્સાહીઓને તેમના પ્રિયજનો સાથે **Vi** ગરબા હૂક સ્ટેપ પરફોર્મ કરતા વીડિયો રેકોર્ડ કરવા અને અપલોડ કરવા માટે આમંત્રિત કરી રહી છે. વીડિયો સોશિયલ મીડિયા પર **BesomeonesWe** હેશટેગ સાથે અપલોડ કરી શકાય છે. શ્રેષ્ઠ વીડિયોઝને **Vi** તરફથી આકર્ષક ઈનામો મળશે. પસંદગીના શહેરોમાં ગરબા ઈવેન્ટના સ્થળોએ ૩૬૦ ડિગ્રી ફોટો બૂથ હશે જેથી સહભાગીઓ **Vi** ગરબા હૂક સ્ટેપ રેકોર્ડ કરી શકે. **Vi** બૂથ પરના સ્વયંસેવકો ખેલૈયાઓને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર અપલોડ કરવા માટે રીલ્સ બનાવવા માટે પણ માર્ગદર્શન આપશે.

ગુજરાતના રહેવાસીઓને તેમની નવરાત્રિની શુભેચ્છાઓ પાઠવતા, વોડાફોન આઈડિયાના ક્લસ્ટર બિઝનેસ હેડ - ગુજરાત સુકાંતા દાસે જણાવ્યું હતું કે, ગુજરાતમાં દરેક નવરાત્રિમાં ઊજવણીનો અનુભવ થાય છે અને લોકોને નજીક લાવવા અને પરંપરાગત ઉત્સાહમાં ઉમેરો કરવા અમે **Vi** ખાતે નવીન ઓફરો અને પહેલ લઈને આવી રહ્યા છીએ. દસ દિવસીય ઉત્સવ સાથે અમે રાજ્યભરના દસ શહેરોમાં કેટલાક શ્રેષ્ઠ ભવ્ય ગરબા કાર્યક્રમો સાથે નવરાત્રિ ૨૦૨૩ની ઊજવણી કરી રહ્યા છીએ. અમારા **BesomeonesWe** કેમ્પેઈન દ્વારા અમે રહેવાસીઓને એકતાનો અભ્યાસ કરવા અને પરિવારો, મિત્રો, પડોશીઓ અને અન્ય લોકો સાથે ઊજવણીમાં ભાગ લેવા વિનંતી કરીએ છીએ અને ખાતરી કરીએ છીએ કે કોઈને એકલવાયું ન લાગે. ઉત્સવની મજામાં જોડાઓ, પ્રિયજનો સાથે **Vi** ગરબા હૂક સ્ટેપ પરફોર્મ કરતા તમારા વીડિયો અપલોડ કરો, **BesomeonesWe** ને ટેગ કરો અને આકર્ષક ઈનામો જીતવાની તક મેળવો. એક એવી બ્રાન્ડ તરીકે કે જેણે હંમેશા 'સંભાળ'ને વધુ મહત્વ આપ્યું છે, અમે અમારા ગ્રાહકોની આરામ અને સુવિધા માટે ગુજરાતમાં પસંદગીના **Vi** સ્ટોર્સને રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રાખીએ છીએ, ખાસ કરીને મહિલાઓ કે જેમને થોડોક આરામ કરવાની જરૂર હોય અથવા પાણીની બોટલની જરૂર હોય. સૌને નવરાત્રિની શુભકામનાઓ.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%G ST (પ્રતિ કોલમ સે.મી.-અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

ગુજરાતનાં સહકારી ક્ષેત્રનાં ગૌરવ સમાન

ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.નાં CEO જુલીબેન સાવલીયા રાષ્ટ્રીય કક્ષાના 'Woman Leader of the Year'નાં એવોર્ડથી નવાજીત

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ગૌરવવંતુ નામ ધરાવતી ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની ગૌરવગાથામાં આજે એક નવું પરિમાણ ઉમેરાયેલ છે. ભારતભરની રૂા. ૨૦૦૦ કરોડથી વધારેની ડીપોઝીટ ધરાવતી મોટી સાઈઝની અનેક કો-ઓપરેટીવ બેંકોના અધિકારીઓ / પદાધિકારીઓ પૈકી જુલીબેન સાવલીયાની 'વુમન લીડર ઓફ ધ યર'નાં પ્રતિષ્ઠિત એવોર્ડ માટે પસંદગી કરી એવોર્ડથી નવાજવામાં આવેલ છે.

તાજેતરમાં ગોવા મુકામે બેંકીંગ ફ્રન્ટીયર દ્વારા આયોજીત રાષ્ટ્રીય કક્ષાનો કો-ઓપરેટીવ બેંકીંગ સેક્ટર માટે **FCBA-2023** ફ્રન્ટાયર્સ ઇન કો-ઓપરેટીવ બેંકીંગ એવોર્ડ સેરેમની યોજાઈ ગયો. આ સેરેમનીમાં એવોર્ડ વિવિધ કેટેગરી પૈકી બેંકના ચેરપર્સન કે સી.ઈ.ઓ. તરીકે કાર્યરત હોય તેવા 'લેડી લીડર્સ' પૈકી 'વુમન લીડર ઓફ ધ યર'નાં એવોર્ડ માટે જુલીબેન સાવલીયાની પસંદગી થતાં બેંકમાં ખૂબ જ હર્ષોલ્લાસ છવાઈ ગયેલ છે.

જુલીબેન સાવલીયા ફાયનાન્સ એન્ડ બેંકીંગ ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત ગણાતા ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરી ડીગ્રીઓ મેળવવાની સાથે **HDFC** બેંક જેવી પ્રાઈવેટ સેક્ટરની પ્રતિષ્ઠિત બેંક સહિત રાજકોટની વિવિધ સહકારી બેંકોમાં દશકાથી વધારે સમયથી સેવા પ્રદાન કરેલ છે અને કોર્પોરેટ ગર્વનન્સના સિધ્ધાંતોના પરિપેક્ષમાં સીનીયર લેવલે બેંકોના સંચાલનનો બહોળો અનુભવ ધરાવે છે. તાજેતરમાં બેંકમાં અમલમાં મુકવામાં આવેલ ઈનોવેટીવ બિઝનેસ સ્ટ્રેટેજીઝ અને અદ્યતન ટેકનોલોજીથી બેંકીંગ ક્ષેત્રે ચાલતી ગળાકાપ હરિફાઈના સમયમાં પણ બેંકના બિઝનેસમાં નોંધપાત્ર વધારો થયેલ છે.જુલીબેન સાવલીયાએ ડીસેમ્બર-૨૦૨૧માં ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.નું સુકાન સંભાળેલ ત્યારથી બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ અને બેંકના વિવિધ વિભાગોના વહીવટી વડાઓના સહકારથી બેંકમાં અસરકારક પોલીસીઓ અને સીસ્ટમ એન્ડ કન્ટ્રોલ્સ દ્વારા પ્રોફેશ્નલ મેનેજમેન્ટ થકી પારદર્શક અને સુચારુ વહીવટ અમલમાં મુકી બેંકની પ્રતિષ્ઠામાં વધારો કરેલ છે.

આ સેરેમનીમાં અનેક બેંકોના અધિકારીઓ / પદાધિકારીઓની હાજરીમાં ગોવા મુકામે શ્રી જુલીબેન સાવલીયાએ બેંકના એચ.આર. હેડ ભિખ્મરાજસિંહ ઝાલા તથા આઈ.ટી. હેડ હરપાલસિંહ ઝાલા સાથે આ એવોર્ડ સ્વીકારી ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી. તથા સમગ્ર સહકારી ક્ષેત્રનું ગૌરવ વધારેલ છે.

જુલીબેન સાવલીયાએ આ તબક્કે તેઓની તમામ સફળતાનો શ્રેય બેંકના ચેરમેન હર્ષદભાઈ માલાણી તથા બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સના સતત માર્ગદર્શન તેમજ ગ્રાહકોના અતૂટ વિશ્વાસ અને બેંકના તમામ કર્મચારી પરિવારના ટીમવર્ક તથા શુભેચ્છકોનાં સાથ-સહકારને આપેલ છે.

આ એવોર્ડ સાથે જુલીબેન સાવલીયા ઉપર શુભેચ્છાઓનો ધોધ શરુ થયેલ છે તેનો પણ ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી. આ તબક્કે આભાર માને છે તેવી એક અખબારી યાદીમાં જણાવે છે.

શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીકસ લીમીટેડનો ૩૯માં વર્ષમાં મંગલ પ્રવેશ

૩૮મી એનીવર્સરી અવસરે ""Jewels of Shree Maruti"" ના શિર્ષક હેઠળ ૩૮ સ્ટાર ટીમ મેમ્બર્સ અને વિવિધ કેટેગરીના ૩૮ ચેનલ પાર્ટનરનું બહુમાન

રાજકોટઃદેશની નંબર ૧ એકસપ્રેસ લોજીસ્ટીકસ કંપની શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીકસ લીમીટેડ **(SMILE)** નવા લક્ષ્યાંક સાથે આક્રમકપણે એકસપાન્શન પર ધ્યાન આપી રહી છે.

દુરંદેશી ઉદ્યોગ સાહસિક શ્રી રામભાઈ મોકરીયા (સંસદ સભ્ય અને શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીકસ લીમીટેડના સ્થાપક) એ સને ૧૯૮૫માં કુનેહપૂર્વક પોરબંદર સહિતના પાંચ સેન્ટરનથી શ્રી મારૂતી કુરીયર એન્ડ કાર્ગો નામે કંપનીનો પાયો નાખ્યો હતો.

૩૮મી એનીવર્સરી પ્રસંગે શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીકસ લીમીટેડના મેનેજીંગ ડીરેકટર શ્રી અજય મોકરીયાએ જણાવ્યું હતું કે આ દિવસ અમારા માટે સ્પેશ્યિલ છે કારણ કે અમે ઈન્ડિયામાં સ્થાપિત અને ૩૮ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરનારી એકમાત્ર એકસપ્રેસ લોજીસ્ટીક કંપની છીએ. એનીવર્સરી નિમિત્તે અમે અમારા કર્મચારીઓ તથા ચેનલ પાર્ટનર્સની કામગીરીને બિરદાવવા માટે 'જવેલ્સ ઓફ શ્રી મારૂતી' ની પહેલ પણ બે વર્ષ થી શરૂ કરેલ છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે 'શ્રી મારૂતી' કંપનીના વિકાસમાં ચેનલ પાર્ટનર્સની ભૂમિકાની સરાહના કરે છે. ચેનલ પાર્ટનર્સની સિનિયોરીટી, સમર્પણ અને વિકાસમાં તેમના પ્રદાન જેવા પેરામીટર્સને ધ્યાનમાં રાખતાં મેનેજમેન્ટ એનીવર્સરી પ્રસંગે ભારતના દરેક રાજયના વિવિધ કેટેગરીના ૩૮ ચેનલ પાર્ટનર્સનું તેમજ ૩૮ સમર્પિત ટીમ મેમ્બર્સનું સન્માન કરે છે.

૩૮મી એનીવર્સરીના પ્રસંગે કંપની તેના તમામ કલાયન્ટસ, વેન્ડર્સ અને બિઝનેસ એસોસીયેટસ પ્રત્યે નિષ્ઠાપૂર્વકની કૃતજ્ઞતા વ્યકત કરે છે જેમણે અમને સેવાઓ પૂરી પાડવાની તક આપી છે અને તમામ પ્રકારે સહકાર આપ્યો છે. ભવિષ્યમાં **(SMILE)** તેમના કસ્ટમર્સને ગ્લોબલ સ્ટાન્ડર્ડની લોજીસ્ટીક સર્વિસ આપવા પ્રતિબદ્ધ છે. શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીકસ લીમીટેડ **(SMILE)** વિશ્વસનીયતા ધરાવતી ભારતની ટોચની કુરીયર અને લોજીસ્ટીકસ કંપની દેશભરમાં ૧૩૫ રીજનલ ઓફિસ અને ૩૭૯૩ ચેનલ પાર્ટનર્સનું વિશાળ નેટવર્ક ધરાવે છે. યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતાગીરીમાં ભારત વિશ્વની આર્થિક મહાસત્તા બનવા જઈ રહ્યું છે. ત્યારે ઈન્ડિયન લોજીસ્ટીક ઈન્ડસ્ટ્રીનું ભાવિ ઉજજવળ છે અને તેમાં વિશ્વકક્ષાનો બદલાવ અને વિકાસ દેખાઈ રહ્યો છે. શ્રી મારૂતીની સર્વિસ હવે માત્ર કુરીયર સર્વિસ પુરતી મર્યાદિત ના રહેતા ડોમેસ્ટીક કુરીયર સર્વિસની પ્રોડકટસ ઉપરાંત ગ્લોબલ રીકવાયરમેન્ટના ફયુચર વિઝન ને ધ્યાને લઈને **Ecom, 3PL, 4PL,** વેરહાઉસીંગ, **Hyper Local** જેવી વર્તમાન જરૂરીયાત મુજબ સંખ્યાબંધ સર્વિસીઝ એડ કરી

Shree Maruti
Infinite Possibilities - Since1985

છે. લોજીસ્ટીક ક્ષેત્રે અગ્રગણ્ય હોવાના લક્ષ્ય સાથે શ્રી મારૂતી કુરીયર સર્વિસીઝ પ્રા.લી. એ તા. ૧-૭-૨૦૨૩ શ્રી મારૂતી ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીકસ લીમીટેડ નવું નામકરણ ધારણ કરીને ઈન્ફ્રાસ્ટ્રકચર, પોલીસી અને પ્રોડકટ જેવી નવી પ્રોડકટસને પ્રમોટ કરીને તેમજ ઈનોવેટિવ આઈડિયાઝ તથા અપગ્રેડેડ ટેકનોલોજી સાથે વર્લ્ડ કલાસ લોજીસ્ટીક સોલ્યુશન્સ પૂરા પાડીને શ્રી મારૂતી. આગામી પાંચ વર્ષમાં રૂા.૧૦૦૦ કરોડના ટર્નઓવરનો લક્ષ્યાંક રાખે છે. પોતાના સમર્પણ અને મહેનત બદલ કર્મચારીઓ તથા ચેનલ પાર્ટનર્સને સન્માનિત કરવાની સાથે શ્રી મારૂતી એક ઉત્તમ વર્કપ્લેસ ઉભું કરવાની પરંપરા અને મૂલ્યોને આગળ ધપાવી રહી છે. 'જવેલ્સ ઓફ શ્રી મારૂતી' પહેલ હેઠળ કંપની તેના ટીમ મેમ્બર્સ માટે શ્રેષ્ઠતમ **HR Practices** અને ચેન પાર્ટનર માટે **Logistica** ક્ષેત્રે **Infinite possibilities** (અમર્યાદિત બિઝનેસ ની તકો) લાવી રહી છે.

કંપનીની સફળતા તેના ટીમ મેમ્બરની કુશળતા, અનુભવ, સમર્પણ ભાવના પર આધાર રાખે છે. વિશ્વ કક્ષાની સર્વિસ આપવા તેમજ તેમાં હંમેશા અગ્રેસર રહેવા લોજિસ્ટિકના અદ્યતન ટ્રેંડનો અભ્યાસ કરવો દરેક ટીમ મેમ્બર માટે જરૂરી છે અને તે માટે કંપની ૩૮મી એનીવર્સરી નિમિત્તે મોબાઇલ લર્નિંગ એપ ""MARUT"" લોન્ચ કરી રહી છે જે ભારતભરના તમામ ટીમ મેમ્બરને ""LearningAnytime Anywhere"" ઉપલબ્ધ કરાવશે. વર્કપ્લેસ અથવા કોઇપણ અન્ય જગ્યાએ ૨૪ કલાક પોતાની અનુકૂળતા મુજબ સ્ટાફ ""Training"" અને ""Knowledge"" મેળવી શકશે.

ચેનલ પાર્ટનર સ્ટાફ સહીત ૨૦,૦૦૦ જેટલી સ્ટાફ સ્ટ્રેન્થ ધરાવતી શ્રી મારૂતી હંમેશા કસ્ટમર એમ્પલોઇ સેન્ટ્રીક રહી છે. કંપનીના ઘણા કર્મચારીઓ કંપનીની સ્થાપના થી આજદીન સુધી ચેનલ પાર્ટનર અને કર્મચારી તરીકે તેમની સાથે છે. ઘણા સભ્યો ગુજરાતમાંથી માઇગ્રેટ થઇ ને ઈન્ડિયાના મેટ્રો સીટીમાં શ્રી મારૂતી સાથે બિઝનેશમાં સેટ થઇને કંપનીના વિકાસ માં ખુબ જ મોટું કોન્ટ્રીબ્યુશન આપી રહ્યા છે.

ઘણા ચેનલ પાર્ટનર નાના લોકેશનમાં હોવા છતાં બિઝનેસની મર્યાદિત તકો વચ્ચે પણ તેમનું શ્રેષ્ઠ યોગદાન આપી ને ઘણા વર્ષો થી સતત કંપની સાથે છે. આ રીતે દરેક કર્મચારી અને ચેનલ પાર્ટનર સન્માનના અધિકારી છે. કંપનીની ૩૮ મી એનીવર્સરીના સેલિબ્રેશન રૂપે ભારતના વિવિધ સ્ટેટના ૩૮ શ્રેષ્ઠતમ કર્મચારી અને ચેનલ પાર્ટનર ને સન્માન સાથે સર્ટીફીકેટ અને ગિફટ વાઉચર્સ આપીને કંપની માટેની તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

કંપનીની ૩૮ મી એનીવર્સરીના આ પ્રસંગે કંપનીના કલાયન્ટ, વેન્ડર્સ, હિતેચ્છુઓ તરફથી શુભેચ્છાઓની વર્ષા થઇ રહી છે. કંપની તમામ ટીમ મેમ્બર્સ, ચેનલ પાર્ટનર્સ, કલાયન્ટ્સ, વેન્ડર્સ અને બિઝનેસ એસોસીયેટસનો આભાર માને છે.

જીવનનગર પ્રાચીન ગરબીની અસાધારણ પ્રગતિઃ વિજયભાઈ રૂપાણી

અવનવા રાસનું નિદર્શન, બાળાઓને અભિનંદનઃઅધિકારી-પદાધિકારીઓ હાજરી આપે છે : જયંત પંડયા

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, નવરાત્રિ મહોત્સવ સમિતિ, મહિલા મંડળના સંયુકત ઉપક્રમે ૪૩ મા વર્ષે પ્રાચીન ગરબીમાં રાસ-ગરબા નિહાળવા માનવમેદની ઉમટી પડે છે.રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દિપ પ્રાગ્ટય, લ્હાણી વિતરણ કરતા જણાવ્યું કે આ વિસ્તારમાં સમિતિ ૪૦ વર્ષથી કાર્યરત છે તે નજરે જોઉ છું. અનેક તકલીફોનો સામનો કર્યો છે. જયંત પંડયાના નેતૃત્વના કારણે પ્રગતિએ ચાર-ચાંદ લગાવ્યા છે. અમો પાડોશી પરિવારના નાતે હાજરી આપીએ છીએ. અમારી નૈતિક ફરજ છે. સમિતિના કાર્યક્રમોમાં હાજરી આપવી સૌને ગમે છે.

શહેર ભા.જ.પ. ના પૂર્વ પ્રમુખ નીતિનભાઈ ભારદ્વાજ, અંજલિબેન રૂપાણી, વંદનાબેન ભારદ્વાજ, કોર્પોરેટર નિરૂભા વાઘેલાએ હાજરી આપી બાળાઓને અભિનંદન આપી લ્હાણી વિતરણ કર્યું હતું.બાળાઓના વાલીમાં નિરવભાઈ પારેખ, કેતનભાઈ પરમાર, સાગરભાઈ અજાગીયા, પ્રશાંતભાઈ પરમાર, શ્રધ્ધાબેન પંડયા, નીકુબેન પટેલ, નિશીતાબેન વઢવાણા, સંગીતાબેન તળાવીયા, ફાલ્ગુનીબેન પંડયા, અમરીબેન બોરીચા, ધારાબેન પંડયા, હેતલબેન પરમાર, અમીતભાઈ ડાભી, વિજયભાઈ પાઠક વિગેરેની સમિતિ વતી કદર કરવામાં આવી હતી.

ઉપપ્રમુખ મુકેશભાઈ પોપટ, વિનોદરાય ભટ્ટ, અનંતભાઈ ગોહેલ, પાર્થ ગોહેલ, વિનુભાઈ ઉપાધ્યાય, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, હસુભાઈ મોડેસરા, ડૉ. તેજસ ચોકસી, ડૉ. નિરજ ખંધેડિયા, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, ભારતીબેન ગંગદેવ, શોભનાબેન ભાણવડિયા, આશાબેન મજેઠીયા, યોગીતાબેન જોબનપુત્રા, હર્ષાબેન પંડયા, જયોતિબેન પુજારા, અલ્કાબેન પંડયા, ભારતીબેન રાવલ, નેહાબેન મહેતા, જિગીશાબેન રાવલ પ્રાચીન ગરબીમાં વ્યવસ્થા સાથે સફળ બનાવવા જહેમત ઉઠાવે છે.

તંત્રી લેખ

જળ- વાયુ પ્રદુષણ ઘાતક બનશે કે શું...?

યુએનએ વિશ્વના દેશોને ધરતીનું ઉષ્ણતામાન ઘટાડવા બાબતે, નિષ્ણાંતોએ કાર્બન ઉત્સર્જન ઘટાડવા તેમજ પર્યાવરણને બચાવવા માટે વિશ્વના દેશોને ચેતવણી આપેલ. ત્યારે જો ગરમી વધી જાય તો ક્લાઇમેટ ચેન્જને નાથવા માટેના શરૂ કરવામાં આવેલ તમામ પ્રયાસો પર પાણી ફરી વળે. બીજી તરફ વિશ્વની મોસમ સંસ્થાના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ ૨૦૨૫ નું વર્ષ સૌથી ગરમ સાબિત થશે. ગરમી વધવાને કારણે દુનિયાભરના દરિયાના પાણી ગરમ થશે જે કારણે વાવાઝોડામાં પણ વધારો થશે અને તે સમગ્ર વિશ્વના દેશો માટે આર્થિક સહિતના વિકાસ કાર્યો માટે નુકસાન દેહી બની રહેશે. તે સાથે બર્ફીલા પ્રદેશો કે વિસ્તારોનો બરફ વધુ ઝડપે પીગળવા લાગશે જેના પરિણામરૂપે દરિયા કિનારા નજીકના વિસ્તારો પાણીમાં ગરક થઈ જશે તો અનેક દ્વીપોનું અસ્તિત્વ જ નહીં રહે. સમગ્ર ધરતી માટે ક્લાઇમેટ ચેન્જ આજે મોટો ખતરો બની ગયો છે. વિશ્વના દેશો આ બાબતે ભારે ચિંતા વ્યક્ત કરતા આવવા સાથે વિશ્વ પર્યાવરણ સંમેલનો તથા શિખર બેઠકો કરતા રહ્યા છે જેમાં ગરમી ઓછી કરવા, હવામાં ભળતો કાર્બન નાથવા, જળ- વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે લાંબી લાંબી ચર્ચાઓ કરવા સાથે વિવિધ નિર્ણયો લેવાયા છે પરંતુ તેનો અમલ કેટલા દેશોએ કેટલો કર્યો છે તે કોઈ પણ દેશ દાવા સાથે નથી કહી શકતો. જ્યારે કે વિશ્વ સ્તરની શિખર બેઠકો કે પર્યાવરણ સંતુલનમાં આવી સ્થિતિ જડમૂળથી ખતમ કરવા માટે કોઈ ઠોસ નિર્ણય લેવામાં ફીફા ખાડતું રહ્યું છે. વિશ્વભરના ઉદ્યોગો દ્વારા હવામાં કાર્બન ડાયોક્સાઇડ છોડવાને કારણે વાતાવરણ પ્રદૂષિત થાય છે તેમજ રસાયણ યુક્ત ઝેરી પાણી નદીઓ, તળાવો કે જેનો ઉપયોગ પીવાના પાણી માટે કે સિંચાઈ વગેરે માટે થાય છે તેમાં છોડવામાં આવે છે. જે કારણે પીવાના પાણી પણ પ્રદૂષિત બન્યા છે. ટૂંકમાં વાતાવરણમાં દૂષિત હવા અને દૂષિત પીવાના પાણીને કારણે લોકોના આરોગ્યને મોટું નુકસાન થાય છે અને થઈ રહ્યું છે. હવામાં કાર્બન છોડતા દેશોમાં ભારત ત્રીજા ક્રમે છે પરંતુ ચીન પ્રથમ ક્રમે આવે છે અને બીજા ક્રમે અમેરિકા આવે છે. હવેના સમયમાં વાતાવરણમાં છોડાતો કાર્બન ડાયોક્સાઇડ ઓબ્સોર્બ થાય તે જરૂરી છે, તો કેમિકલ પ્રદૂષિત પાણીના નિકાલ માટે નદી, તળાવ, જમીનોમાંનહીં છોડતા અન્ય રીતે વાળવા જરૂરી છે..

ઈસ્ટ ઓર વેસ્ટ, સરગમ ઈઝ ધ બેસ્ટ : ગોપી રાસોત્સવમાં ગરબે રમતી બહેનોનો એક જ સૂર

નવરાત્રીનો માહોલ જામ્યો : સિંગર્સ અને ઓરકેસ્ટ્રાની જુગલબંધીને લીધે ગરબે રમતી બહેનો જોશમાં

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

સમગ્ર રાજ્યમાં નવરાત્રીનો માહોલ જામ્યો છે અને રાજકોટમાં પણ અનેક પ્રાચીન અને અર્વાચિન ગરબામાં યુવાધન ગરબા રમી રહ્યું છે પણ આ વખતે રાજકોટમાં સૌથી મોટું આકર્ષણ સરગમ કલબ અને સરગમ લેડીઝ કલબ આયોજિત ગોપી રાસોત્સવ બની રહ્યા છે. અત્યારે નવરાત્રી મહોત્સવ ચરમસીમાએ છે અને ડી.એચ. કોલેજનાં ગ્રાઉન્ડમાં રમી રહેલી ગોપીઓ પણ અનોખા ઉત્સાહ અને એનર્જી સાથે ઝૂમી રહી છે.

સંપૂર્ણ પારિવારિક માહોલમાં રમાઈ રહેલા આ ગોપી રાસોત્સવમાં દરરોજ વિવિધ ક્ષેત્રનાં મહાનુભાવો હાજરી આપી રહ્યા છે અને બહેનોને પ્રોત્સાહિત કરી રહ્યા છે. અહીના સિંગર અને ઓરકેસ્ટ્રા શ્રેષ્ઠ સાબિત થયા છે અને તેમની તથા ગરબે રમતી બહેનો વચ્ચે સ્પર્ધા થતી હોય તેવો માહોલ જોવા મળે છે.

શુક્રવારે જે મહાનુભાવો રાસોત્સવ નિહાળવા આવ્યા હતા તેમાં મેયર નયનાબેન પેઢડીયા, અરવિંદભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, રમેશભાઈ ટીલારા (ધારાસભ્ય), ઉદયભાઈ કાનગડ (ધારાસભ્ય), હરેશભાઈ લાખાણી, સરવાનંદભાઈ સોનવાણી, કમલભાઈ સોનવાણી, અશોકભાઈ વૈષ્નાની, ડી.કે. વડોદરિયા, કરશનભાઈ આદ્રોજા, સુનીલભાઈ આર્ય, જીતુભાઈ મહેતા, હરદેવસિંહ જાડેજા, શૈલેષભાઈ માંકડિયા, જ્યોતિબેન ટીલવા, કિરણબેન માંકડિયા, અમિતભાઈ ભાલોરી, રશિકભાઈ મેનડપરા, કાળુભાઈ કાનગડ, ગુણવંતભાઈ શાહ, વિનોદભાઈ પેઢડીયા, મગનભાઈ પટેલ, મનસુખભાઈ ધંધુકિયા, ગુણવંતભાઈ ભટ્ટ, ઘનશ્યામભાઈ પરસાણા, નીતિનભાઈ નથવાણી, રાજુભાઈ રાયઠઠ્ઠા, ઈશ્વરભાઈ તાળા, નેહલભાઈ શુક્લ, દિગ્વિજયસિંહ જાડેજા, રવિભાઈ રાતોજા, સુનીલભાઈ શાહ, અનિલભાઈ ભોરણીયા, જયેશભાઈ લોઢીયા, તેજષભાઈ ભટ્ટી આ મહેમાનોના હસ્તે વિજેતા બહેનોને ઈનામો આપવામાં આવ્યા હતા.

શનિવારે જે મહેમાનો ઉપસ્થિત રહેવાના છે તેમાં સાતમું નોરતું તા. ૨૧/૧૦ નાં ગોપિરાસમાં મુખ્ય મહેમાન તરીકે મહાનુભાવો હાજરી આપશે. જયેશભાઈ રાદડીયા, રમેશભાઈ રૂપાપરા, ડી. વી. મહેતા, પી. ટી. જાડેજા, રાજનભાઈ વડાલીયા, શૈલેશભાઈ ઠાકર, હસુભાઈ ભગદેવ, અરવિંદભાઈ તાળા, લલિતભાઈ રામજીયાણી, ભુપેન્દ્રભાઈ સચદે, ઘનશ્યામભાઈ મારડિયા, શામજીભાઈ ખુંટ, મનસુખભાઈ પાણ, જયંતભાઈ દેસાઈ, જગદીશભાઈ ભીમાણી, દિનેશભાઈ વાંકાણી, વિનુભાઈ પારેખ, અશોકભાઈ સોની, દિલીપભાઈ શેઠ, નરેશભાઈ શાહ, જગદીશભાઈ સખીયા, અરવિંદભાઈ ઢોલરીયા, કૃષ્ણકાન્તભાઈ ધોળકિયા, સુભાષભાઈ સામાણી, પી. ડી. અગ્રવાલ, રશ્મિભાઈ મોદી, કમલભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ રાઠોડ, શૈલેશભાઈ શેઠ, ધીરુભાઈ રામાણી નરેન્દ્રભાઈ દવે, કરશનભાઈ પટેલ, રમેશભાઈ ઠક્કર, મિલનભાઈ કોઠારી, અરવિંદભાઈ પાટડીયા, રમણીકભાઈ કનેરીયા, સુનીલભાઈ મહેતા, પરેશભાઈ ધીંગાણી, સુરેશભાઈ હિરપરા, અશોકભાઈ કાથરાણી, અર્જુનસિંહ રાણા ભીખુભાઈ વિરાણી, પીન્ટુભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આઠમું નોરતું તા.૨૨/૧૦નાં ગોપિરાસ માં મુખ્ય મહેમાન તરીકે મહાનુભાવો હાજરી આપશે. ભાનુબેન બાબરિયા, ડો. દર્શીતાબેન શાહ, નયનાબેન પેઢડીયા, આનંદ પટેલ (IAS), પ્રભવ જોષી (IAS), રાજુ ભાર્ગવ (IPS), અશોક યાદવ (IPS), વિધી ચૌધરી (IPS), સક્કનસિંહ પરમાર (IPS), સુધીર દેસાઈ (IPS) , ડો.પાર્થરાજસિંહ ગોહેલ (IPS, જયપાલસિંહ રાઠોડ (IPS), એમ.જે. દવે (IAS), એસ.જે. ખાચર (G.A.S), મદનમોહનસિંગ, રામસિંગ શેખાવત, જયંતકુમાર, અશ્વિનીકુમાર , બી.બી. બસિયા, પી.બી. જોડજા, વિવેકભાઈ ટાંક, સંદીપકુમાર વર્મા, કે. જી. ચૌધરી, દેવ ચૌધરી (IAS), કુ.અવનીબેન હરણ, વી.પી. જોડજા, હિતેશ દિહોરા, બી. એમ. પટેલ, અંજલીબેન રૂપાણી, ગાયત્રીબા વાઘેલા, કાશ્મીરાબેન નથવાણી, ભાવનાબેન જોશીપુરા, શીલાબેન ચાંદરાણી, રમાબેન માવાણી, બીનાબેન આચાર્ય, શિલ્પાબેન પૂજારા, કિર્તીબેન પોપટ, જ્યોતિબેન ટીલવા, સુધાબેન ભાયા, ડો. બીનાબેન પટેલ, રેખાબેન ગોસલીયા, આશાબેન શાહ, કિરણબેન માંકડિયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ રાસોત્સવને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાનાં માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ પટેલ, ડો. ચંદ્રાબેન શાહ, નીલુબેન મહેતા, અલ્કાબેન કામદાર, ગીતાબેન હિરાણી, પૂજાબેન ગણાત્રા, અસ્મિતાબેન ત્રિવેદી, માલાબેન પાઠક, શોભનાબેન સોમૈયા, સુરેશભાઈ દેત્રોજા, કૌશિકભાઈ વ્યાસ, શૈલેશભાઈ શેઠ, કેતનભાઈ મિરાણી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.તેમ ગુણંવતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે.

રાજકોટ જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળની બેઠક મળી

મહામંત્રી અને ઉપપ્રમુખની વરણી કરાઈ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

રાજકોટ જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળની તા.૧-૧૦ના રોજ ડુમીયાણી આશ્રમ શાળા (ઉપલેટા)ખાતે મળેલ કાર્યવાહક સમિતિની બેઠકમાં મંડળના મહામંત્રી તરીકે રાજકોટ જીલ્લા પંચાયતના પૂર્વ ચિટનિસ એવા આર.વી.સોલંકી અને ઉપપ્રમુખ તરીકે ચૌધરી હાઈસ્કુલ રાજકોટના પુર્વ પ્રિન્સીપાલ અશોકભાઈ બાણુગારીયાને જવાબદારી સોંપવામાં આવેલ છે.મંડળ દ્વારા થયેલ આ વરણીને પ્રમુખ યશવંતભાઈ જનાણી,મુખ્ય સંયોજક હિમતભાઈ લાબડીયા અને ઉપપ્રમુખ જયવંતભાઈ ચોવટીયાએ આવકારી છે.

શિવાય ગ્રુપ દ્વારા આયોજીત બાય બાય નવરાત્રીનું આયોજન

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

શિવાય ગ્રુપ દ્વારા આયોજીત ગરબા એટલે ગુજરાતીની ઓળખાણ અને શ્વાસ સમો તહેવાર.ખરાગુજરાતી કોઈપણ જગ્યાએ કોઈપણ ધૂન પર ગરબા કરવાનું ચૂકશે નહી. તેમાં પણ રાજકોટ એટલે રંગીલુ શહેર આથી રંગીલા રાજકોટની રંગીલી જનતા માટે લાવી રહ્યુ છે. શીવાય ગૃપ ઝુમો જલ્સાથી મહોત્સવ તા. ૨૫-૧૦ બુધવાર ના રોજ સાંજે ૭ કલાકે બામ્બુ બિટસ ગ્રાઉન્ડ, શાસ્ત્રી મેદાન, લીમડા ચોક, રાજકોટ ખાતે ૨૦૨૩ના સૌરાષ્ટ્રની સૌથી મોટુ અને જાજરમાન આયોજન થવા જઈ રહયુ છે. જેમાં એક સાથે ૧૦ હજારથી પણ વધુ ખૈલયાઓ ગરબે જુમસે જેના માટે સુપ્રસિધ્ધ બામ્બુ બિટસ ઓરકેસ્ટ્રાનું સુંદર આયોજન સાથે વોટર ડ્રમ અને ૨ લાખ વોલ્ટની અદ્યતન સાઉન્ડ સીસ્ટમ તેમજ સંપૂર્ણ સીસીટીવી કેમેરા સાથે સક્રડ સીકયુરીટીની વ્યવસ્થા કરવામાં આવી છે અને એટલુજ નહી પરંતુ અદ્યતન સાઉન્ડ સીસ્ટમની સાથે ખૈલયાઓ માટે ૨૦૦ થી પણ વધુ ઇનામોની વણજાર પણ લાવી રહયુ છે.

આ અયોજનને સફળ બનાવવા માટે શિવાય ગ્રુપના દિપકભાઈ ટાંક, પલ્કીનભાઈ કાચા, દિનેશભાઈ જાવીયા, ડો. જલ્પેશભાઈ વાધેલા, નૈમીષભાઈ કવા, કેયુર ટાંક, અભિષેકભાઈ ટાંક, કિશન ટાંક, સીધ્ધાર્થ પટેલ, દિવ્યેશ વાઢેર, દિપેન ભગદેવ આ ઉપરાંત ૫૦ થી વધુ કમીટી મેમ્બર આ આયોજનને સફળ બનાવવા ખુબ જહેમત ઉઠાવી રહયા છે. તેમ જણાવ્યું છે.

આયોજન ના પાસ માટે સંપર્ક દિપકભાઈ ટાંક - ૮૦૦૦૦ ૭૬૦૦૬, કિશન ટાંક - ૮૨૦૦૫ ૮૩૬૦૮, પલ્કીનભાઈ કાચા - ૯૬૨૫૨ ૩૭૭૫૫ અથવા રૂદ્રઆર્ટ - સહકાર મેઇન રોડ, ભકિત હોલ પાસે, રાજકોટ-૨.

છેલાજી રે, મારી હાટું રાજકોટથી પટોળા સોંઘા લાવજો

રાજકોટી સિંગલ ઈકત વણાટને મળ્યો વિશેષ દરજ્જો,વન ડિસ્ટ્રીક્ટ-વન પ્રોડક્ટ યોજના અંતર્ગત કરાયો સમાવેશ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

અત્યાર સુધી સાંભળ્યું હતું કે છેલાજી રે, મારી હાટું પાટણથી પટોળા મોંઘા લાવજો, પણ સમય અને સંજોગો અનુસાર પરિસ્થિતિ બદલાઈ છે. રાજકોટના પટોડા સોંઘા (સસ્તા) ટકાઉ, ફેન્સી તથા ફેમસ બન્યા છે. રાજકોટના સિંગલ ઈકત વણાટ નો સમાવેશ કેન્દ્ર સરકારની વન ડિસ્ટ્રીક્ટ-વન પ્રોડક્ટ યોજના અંતર્ગત કરવામાં આવ્યો છે. રાજકોટના સિંગલ ઈકત પટોળા ને કેન્દ્ર સરકાર દ્વારા જી.આઈ.ટેગ પ્રાપ્ત થયો છે.

આ વર્ષ ૭ ઓગસ્ટ હેન્ડલુમ દિવસની ઉજવણી સમયે કેન્દ્ર સરકારની આ પહેલને રાજ્ય સરકારે વધાવી રાજયના હસ્તકલા-હાથશાળ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા વિશેષ આયોજન હાથ ધર્યું અને ગુજરાતના દરેક જિલ્લાના હસ્તકલા હાથશાળમાં પરંપરાગત કળાના વારસાને જીવનદાન આપવા સરકારે જિલ્લાની વિશિષ્ટ કળાને ઓ.ડી.ઓ.પી. જાહેર કરી હતી. રાજ્યના ઉત્પાદનોની સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં ઓળખ ઊભી થાય તે હેતુથી આ યોજના સમગ્ર રાજ્યમાં અમલી કરવામાં આવી છે.

ઓ.ડી.ઓ.પી યોજના અંતર્ગત રાજકોટ જિલ્લાની સિંગલ ઈકત વણાટને તેની વિશિષ્ટ કળા તરીકે સમાવિષ્ટ કરવામાં આવી છે. રાજકોટ જિલ્લાની સિંગલ ઈકત વણાટ કળા

વર્ષો જૂની હાથશાળની કળા છે. આ વણાટકળામાં મશીનનો જરા પણ ઉપયોગ કરવામાં આવતો નથી. ત્રણ પેઢીથી રાજકોટ ખાતે સિંગલ ઈકત વણાટ પટોળાની કળા સાથે જોડાયેલા રાઠોડ પરિવારના ચંદ્રેશભાઇ રાઠોડે કહ્યું હતું કે, સિંગલ ઈકત પટોળાને રાજકોટી પટોળા પણ કહેવાય છે.

રાજકોટના સિંગલ ઈકત પટોળા એ એક પરંપરાગત રીતે હાથવણાટની સાડી છે. આ સાડીઓ તેમની જટિલ ડિઝાઇન, વાઇબ્રન્ટ રંગો અને દોષરહિત વણાટ માટે જાણીતી છે. કારીગરોની પેઢીઓનું કૌશલ્ય અને કારીગરીનો પુરાવો છે આ સિંગલ ઈકત વણાટ પટોળા. જેમણે આ કલાને જીવંત રાખવા માટે સખત મહેનત કરી છે. સાડીઓ પણ કલા, કારીગરી અને લાવણ્યનું સંપૂર્ણ મિશ્રણ છે. ગાંધીજીના વારસદારોએ રાજકોટ શહેરમાં રાષ્ટ્રીય શાળા ખાતે ખાદી ગ્રામ ઉદ્યોગ સંસ્થાનું નિર્માણ કર્યું હતું, જેના માધ્યમથી પટોળા કળાની તાલીમ આપવામાં આવી હતી.

પટોળાની ખાસિયત તથા તેના તાણાવાણાની ગૂંથણી વિશે ચંદ્રેશભાઈએ જણાવ્યું હતું કે, અમે સિંગલ ઈકત પટોળાના વણાટ માટે મલબારી રેશમનો ઉપયોગ કરીએ છીએ. આ પટોળામાં ૨૮૫૦, ૩૨૦૦ અને ૩૩૦૦ ઉભા તારની તાણી અને ૬૧ તારની આડી તારની લટ દ્વારા વણાટ કામ કરવામાં આવે છે. વિશિષ્ટ ગુંથણી સંપૂર્ણ હાથ બનાવટથી કરવામાં આવે છે. એક સાડી બનાવટમાં ૬૫૦ ગ્રામ જેટલું શુધ્ધ રેશમ વપરાય છે. રાજકોટ પટોળાની સાડી વણતી વખતે ચોકસાઈ અને ધીરજની ખુબ જ જરૂર પડે છે. રાજકોટ પટોળાની લૂમ ઘણી રીતે અનોખી છે. એક સાડી પર બે લોકોએ બેસીને સાથે કામ કરવું પડે છે. રાજકોટનું એક પટોળું બનાવવામાં ૧૫ દિવસ થી એક મહીનો જેટલો સમય લાગે છે.

રાજ્ય સરકાર દ્વારા અમારી આ લુપ્ત થતી કળાને જીવંત રાખવા સરકાર દ્વારા અમને પ્રોત્સાહન આપવામાં આવે છે, સાથે જ ઈ.ડી.આઈ.આઈ. દ્વારા સહકારી મંડળી બનાવવા માટે પણ મદદ મળી છે. જે પૈકી ૫૧ સભ્યોમાંથી ૨૬ તો મહિલા સભ્યો છે. સરકાર દ્વારા યોજાતા અનેક પ્રદર્શનમાં અમારી આ કળાને વેચાણ હેતુ અમને વિનામૂલ્યે સ્ટોલ ફાળવી સરકાર દ્વારા અમને ખૂબ સહકાર આપવામાં આવે છે. આ વિસરાતી કળાને વિશિષ્ટ દરજ્જો આપવા બદલ ચંદ્રેશભાઈએ રાજ્ય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

પરંપરાગત કળાને આધુનિકતા સાથે મેળાપ કરાવતા આ સિંગલ ઈકત પટોળામાં પરંપરાગત પેટર્ન નવરત્ન, માણેકચોક, પાનચંદા, નારીકુંજન જેવી નાની ભાત અને અડતાલુ જેવી મોટી ભાતને આધુનિક રંગ સંયોજન સાથે બનાવવામાં આવે છે. રાજકોટના રાઠોડ બંધુઓ પટોળા સાડી ઉપરાંત પટોળા લહેંગા, દુપટ્ટા, પટોળા શાલ, પોટલી પર્સ, ક્લચ પર્સ, મોજડી તથા પુરુષો માટે પટોળા ટાઈ, નહેરુ જેકેટ (કોટિ)નું પણ વેચાણ થાય છે. ત્યારે રાજ્ય સરકારની ઓ.ડી.ઓ.પી. યોજના દ્વારા આ કળાને વધુ વેગ મળશે તેમજ હાલના તેના કારીગરોને .ઉત્તમ વ્યાવસાયિક તકો પણ મળશે. આ યોજના દ્વારા કળા અને તેના કારીગરોને ઉજ્જવળ ભવિષ્ય મળી શકે તે માટે રાજ્ય સરકાર વિશિષ્ટ સહયોગ પ્રદાન કરી રહી છે.

આલેખન - ડો. દિવ્યા ત્રિવેદી, રાજ લક્કડ પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના ખાતાના વડા તથા નિગમોની જુદી જુદી યોજનાઓ અંતર્ગત મધ્ય અને દક્ષિણ ગુજરાતના ૧૨ જિલ્લાના

૫.૮૭ લાખથી વધુ લાભાર્થીઓને ₹૩૪૭ કરોડથી વધુની લોન/સહાય વિતરણ સમારોહ

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ તથા તે હેઠળના નિગમોના ૮૦૮ લાભાર્થીઓને ₹૧૧.૪૭ કરોડની સહાય

- ડૉ. આંબેડકર આવાસ યોજના
- કુંવરબાઈનું મામેરું યોજના
- ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન યોજના
- ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન
- ડૉ. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના
- સ્વરોજગારલક્ષી યોજના

નિયામક વિકસતી જાતિ કલ્યાણ તથા તે હેઠળના નિગમોના ૧,૯૫૭ લાભાર્થીઓને ₹૨૫.૨૮ કરોડની સહાય

- પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના
- કુંવરબાઈનું મામેરું યોજના
- વિદેશ અભ્યાસ લોન
- સાત ફેરા સમૂહલગ્ન યોજના
- સ્વરોજગારલક્ષી / શૈક્ષણિક યોજના

નિયામક સમાજ સુરક્ષા હેઠળના ૫,૮૪,૫૦૫ લાભાર્થીઓને ₹૩૧૧.૧૨ કરોડની સહાય

- દિવ્યાંગ લગ્ન સહાય યોજના
- સંત સૂરદાસ યોજના
- નેશનલ ડિસબિલિટિ પેન્શન યોજના
- દિવ્યાંગોને એસ.ટી.માં મફત મુસાફરીની યોજના
- બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યકિતઓને આર્થિક સહાય યોજના
- પાલક માતા-પિતા યોજના
- રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના
- નિરાધાર વૃદ્ધ સહાય યોજના

તારીખ: ૨૧-૧૦-૨૦૨૩, સમય: ૧૧:૦૦ વાગે, સ્થળ: પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગરગૃહ, આજવા રોડ, વડોદરા.

વંચિતોની પ્રગતિનો નિર્ધાર, રાજ્ય સરકારનો મક્કમ પ્રયાસ

“ સમાજમાં સૌ ગૌરવભેર જીવન જીવી શકે, સમાજમાં સમરસ વાતાવરણ બને, દરેક ક્ષેત્રે સૌનો વિકાસ થાય તે માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. ”
- શ્રીમતી ભાનુબેન બાબરીયા, માન. મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર

જૈનમ કામદાર નવરાત્રીમાં છઠ્ઠા નોરતે છેલછબીલા બની ધુમ મચાવતા ખેલૈયાઓ : આજે યોજાશે બહુરંગી કાર્યક્રમો

આજે રાત્રે લાઈટ એન્ડ સાઉન્ડ લેઝર શો – લાઈવ સરપ્રાઈઝ ઈવેન્ટ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૧

જૈનમ કામદાર નવરાત્રી મહોત્સવ ૨૦૨૩ જેમાં છઠ્ઠા નોરતે ખેલૈયાઓએ વર્સાટાઈલ સીંગરો, પંકજભાઈ ભટ્ટની આગેવાનોમાં સાજીંદાઓએ ધુમ મચાવી અતિ જોમ ચડાવે તેવું સંગીત પિરસ્યુ હતું. આજનાં દિવસે મુખ્ય દાતા પરિવાર ઉપરાંત મહાનગરપાલિકાનાં અધિકારી અને વિવિધ સમાજનાં અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. નવરાત્રીને માત્ર જુજ દિવસો જ બાકી હોય ફાઈનલમાં રમવા માટે ખેલૈયાઓ વચ્ચે ડેઈલીનાં વિજેતા થવા હોડ જામી છે. ખેલૈયાઓ પોતાની રમત બતાવીને વિજેતા બનવા તનતોડ મહેનત કરી રહયા છે. રોજે રોજ યોજાતી ઈવેન્ટમાં ખેલૈયાઓ ઉત્સાહભેર ભાગ લઈ રહયા છે. આજે તમામ ફીમેલ ખેલૈયાઓને ફ્રી નેઈલ આર્ટ કરવામાં આવેલ હતા. જેનો પણ મોટી સંખ્યામાં લાભ લીધેલ હતો.

આજરોજ છઠ્ઠા નોરતાનાં મુખ્ય સ્પોન્સર પરિવાર ભારત ટુલ્સ સ્ટીલ સીન્ડીકેટનાં દર્શનભાઈ શાહ, હેતલબેન શાહ તેમજ જીતેન્દ્ર ઓટોમોબાઈલ્સ – ખારા પરિવારનાં વિરેન્દ્રભાઈ ખારા, જીતેન્દ્રભાઈ ખારા, ગીરીશભાઈ ખારા, સુનિલભાઈ ખારા વિગેરેનું અદકેરું બહુમાન કરવામાં આવેલ છે, વિન્ટેજ કારમાં બેસાડીને તેમને મંદિર તરફ દોરી જવામાં આવ્યા હતા. સાથે આ બન્ને પરિવારનાં અન્ય સભ્યો જયભાઈ ખારા, અપૂર્વભાઈ મણીઆર, દિપાલીબેન મણીઆર, પારસભાઈ ખારા, વિરભાઈ ખારા, રીધ્ધીબેન ખારા, ચેતનભાઈ શાહ, શિતલબેન શાહ, જિજ્ઞેશભાઈ શાહ, અલ્પાબેન શાહ, ચિંતનભાઈ ખારા, અદિતભાઈ ખારા, અમીતભાઈ શાહ, બિન્દુબેન શાહ, અજયભાઈ શાહ, શીલ્પાબેન શાહ, મયુરભાઈ ફોફરીયા, ચાંદનીબેન ફોફરીયા, ભાવિકભાઈ શાહ, રશ્મીબેન શાહ સહીતનાં પરિવાર માઁ જગદંબાની આરતીમાં જોડાયો હતો. આ તમામ લોકોનું જૈનમ પરિવાર દ્વારા સ્વાગત અભિવાદન અને મહેમાનનાં હસ્તે મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

આજનાં દિવસે રોલેકસ રીંગનાં મનીષભાઈ મડેકા, શિક્ષણ સમીતીનાં ચેરમેન વિક્રમભાઈ પુજારા, રીયાબેન પુજારા, મ્યુ.કોર્પોરેશનનાં ચીફ ટાઉન પ્લાનર : સાગઠીયા તથા અન્ય અધિકારીઓ, ડો.કપીલ જેઠવા તેમજ ડો.સચીન સિંહ, (પ્રોફેસર : એઆઈઆઈએનએસ) અને સિધ્ધી ગ્રુપનાં પપ્પુભાઈ મહેતા, હેમલભાઈ મહેતા, નિખીલભાઈ મહેતા, જીજ્ઞેશભાઈ મહેતા, સંદેશ દૈનિકનાં એડ મેનેજર પ્રજ્ઞેશભાઈ રૂપાણી, દ્રષ્ટી એડ.નાં ગીરીશભાઈ ત્રિવેદી, મનીષ એડ.નાં નિલેશભાઈ ત્રિવેદી, એંડક્ષ મીડીયાનાં જયેશભાઈ સોના, આર.એસ.એસ.નાં અગ્રણી કેતનભાઈ વસા, અજીતભાઈ જૈન સહીતનાં આગેવાનો ખાસ ઉપસ્થિત રહયા હતા.

આજે યુનિક સ્ટાઈલ કોમ્પીટીશન યોજાઈ હતી જેમાં ખેલૈયાઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.આ કોમ્પીટીશનમાં ખેલૈયાઓએ નવીન પ્રકારનાં વસ્ત્રો, રંગબેરંગી છત્રીઓ સુશોભીત દાંડીયા, ભાતિગણ ભરતકામ કરેલી પાઘડીઓ, રંગીન સાફાઓ વગેરે નવિનત્તમ લુક આપતા પરીધાન સાથે જોડાયા હતા. કોમ્પીટીશનમાં વિજેતા થનાર લોકોને ઉપસ્થિત મહાનુભાવો હસ્તે ઈનામો નવાઝવામાં આવ્યા હતા. આજે ફીમેલ ખેલૈયાઓ માટે નેઈલ આર્ટ નું આયોજન કરવામાં આવેલ હતું. જેનો બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. અલગ અલગ પ્રકારનાં કલર, આર્ટ, વિવિધતા, ડ્રેસ કોડ મુજબનું સંયોજન આર્ટમાં અલગ અલગ પ્રકારનાં ઈમોજી વગેરે નવિનતાસભર નેઈલ આર્ટ કરાવીને ખેલૈયાઓએ ખૂબ આનંદ માણ્યો હતો.

આજરોજ શનિવાર સાતમાં નોરતે અનેકવિધ કાર્યક્રમોની હારમાળ સર્જાવાની છે રાત્રે અધ્યતન લાઈટ એન્ડ સાઉન્ડ ઈફેકટ લેઝર શો યોજવામાં આવશે, ઈઝરાઈલ ટેકનીકથી આકાશમાં એકનવિનત્તમ દ્રષ્ય રચાશે, સાઉન્ડ સીસ્ટમનું સંયોજન કરી અલગ અલગ પ્રકારની લાઈટોનાં મિશ્રણ દ્વારા જાણે વિશાળ પડદા ઉપર કોઈ દ્રષ્ય નિહાળતા હોય તેવો અનુભવી આજે તમામ દર્શકોને થનાર છે. આ ઉપરાંત આજેરાતે એક સરપ્રાઈઝ લાઈવ ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવીયું છે. જેને દર્શકો આવતિકાલની રજા હોય મોડી રાત સુધી માણવાનાં છે

ચોથા નોરતે યોજાયેલા રાસોત્સવમાં વિજેતા થયેલ ખેલૈયાઓનાં નામમાં સીનીયર પ્લેયર મેલ પ્રિન્સ તરીકે પ્રથમ નિર્સગ પારેખ, બિજા ક્રમે અભિશેક દોશી અને ત્રિજા ક્રમે પ્રશીલ ઝાટકીયા, સિનીયર પ્લેયર ફીમેલ પ્રિન્સેસમાં પ્રથમ ક્રમે ઈશા ઉચાટ, બિજા ક્રમે પ્રિસા વખારીયા, ત્રિજા ક્રમે રૂચ્વી શાહ ઉપરાંત કિડ્સ પ્લેયર બોયઝ પ્રિન્સમાં પ્રથમ ક્રમે રજત પતિરા, બીજા ક્રમે પ્રશવ શાહ, ત્રિજા ક્રમે શીવમ્ શા તેમજ કિડ્સ પ્લેયર ગર્લ્સ પ્રિન્સેસમાં પ્રથમ ક્રમાંકે કિયા મહેતા, બિજા ક્રમે દ્રષ્ટી શાહ, ત્રિજા ક્રમાંકે નીશીતા પારેખ તેમજ વેલ ડ્રેસ સિનીયર પ્રીન્સમાં પ્રથમ નીશીત ખાખરા, બિજા ક્રમે મીત ગાંધી, ત્રિજા ક્રમે નમન મહેતા અને વેલ ડ્રેસ સિનીયર પ્રીન્સેસમાં પ્રથમ ક્રમે સુનીધી ઉદાણી, બિજા નંબરે બીના ઝાટકીયા, ત્રિજા નંબરે તૃમી દોશી અને વેલ ડ્રેસ કીડ્સ બોયઝમાં પ્રથમ ક્રમે રીસવ શાહ, બિજા નંબરે મન મગીયા, ત્રિજા નંબર શીવમ શાહ ઉપરાંત વેલ ડ્રેસ કીડ્સ ગર્લ્સમાં પ્રિન્સમાં પ્રથમ ક્રમે અશ્વી મહેતા, બિજા ક્રમે બ્રિન્દા કામદાર, ત્રીજા ક્રમે રાહી મણીઆર ને વિજેતા જાહેર કરેલ હતા. સીનીયર સીટીજન કેટેગરી માં એક પ્રિન્સ તથા પ્રિન્સેસ ને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. તમામ વિજેતા ખેલૈયાઓને મહાનુભાવો હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. પાંચમો નોરતે જુનીયર જજ તરીકે નિલેશ ગઢવી, મેઘાવી વિઠલાણી, મિતલ વાગડીયા, પ્રશાંતભાઈ પુજારા એ પોતાની સેવા આપેલ હતી.તેમ જણાવ્યું છે.

રાજસ્થાનની નવ મહિનાની સાક્ષી પેનનું ઢાંકણુ ગળી ગઈ

અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ અત્યંત જટિલ સર્જરી કરીને આ ઢાંકણુ બહાર કાઢ્યું

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૨ વર્ષમાં સિક્કા, ટાંકણી, રમકડાનો બલ્બ ગળી જવાના ૫૧ કિસ્સા સામે આવ્યા જેમાંથી ૫૦% બાળકો ૧ વર્ષથી નાની વયના

બાહ્ય પદાર્થો બાળકોથી દૂર રાખવાની સલાહ આપતા સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડો. રાકેશ જોશી

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરી એક વખત મા બાપ માટે ચિંતાજનક અને ચોકાવનારો કિસ્સો સામે આવ્યો છે. માત્ર નવ મહિનાની ઉંમરની સાક્ષી બાવરી જે રાજસ્થાનના ભીમપુરની રહેવાસી છે. ૧૫ મી ઓક્ટોબરે સાંજે સાક્ષીની માતાએ એના મોઢામાં પેનના પ્લાસ્ટિકનો ટુકડો જોયો અને એને કાઢવાની કોશિશ કરી પરંતુ નાકામ રહી અને પછી તરત જ સાક્ષીને ખૂબ જ શ્વાસોશ્વાસ વધી ગયો. આસપાસની હોસ્પિટલો અને રાજસ્થાનમાં ઘણી બધી જગ્યાએ ફર્યા પછી એમને કોઈએ કહ્યું કે તમે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પહોંચી જાઓ તો તમારો ઉપચાર તરત જ થઈ જશે.

અને સવારે લગભગ ૮:૦૦ વાગ્યાની આસપાસ સાક્ષીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ આવવામાં આવી. ત્યારે એની હાલત ખૂબ જ ગંભીર હતી. શ્વાસોશ્વાસ ખૂબ વધારે હતો . ઓક્સિજન સેચ્યુરેશન પણ આપણે એવું કહીશું કે ૫૫ થી ૬૦ની વચ્ચે રહેતું હતું. એક પહેલી વખત એવું થયું છે કે પેશન્ટની સ્ટ્રોંગ હિસ્ટ્રી અને મધરના સ્ટ્રોંગ સ્ટેટમેન્ટના આધારે સાક્ષીને ઈમરજન્સીમાં બ્રોન્કોસ્કોપી કરવામાં આવી અને આશ્ચર્યચકિત થઈ જાય એવી વાત એવી છે કે એના જમણા ફેફસાની અંદર પ્લાસ્ટિકનો ટુકડો જે પેનના ઢાંકણાનો એક ભાગ હતો એ ફસાઈ ગયેલો એને સફળતા પૂર્વક કાઢવામાં આવ્યું અને એક વખત આ ફોરેન બોડી નીકળી ગઈ પછી સાક્ષીની તબિયત એકદમ સુધારા પર આવી ગઈ.

ઈમરજન્સી બ્રોન્કોસ્કોપીમાં ડો. રાકેશ જોષી અને ડો કલ્પેશ પટેલને ડો. ભાવનાબેન અને ડો.નમ્રતાબેનનો ખુબ મોટો સહયોગ રહ્યો અને એક ટીમ તરીકે સૌએ સાથે મળી અને એકબીજાના કોર્ડીનેશનમાં આ કોમ્પ્લેક્સ સર્જરી સારી રીતે પાર પાડી. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડો રાકેશ જોશી જણાવે છે કે, છેલ્લા બે વર્ષમાં ૫૧ બાળકોએ પીડીએફ સર્જરીમાં શ્વાસોશ્વાસની ક્રિયા અચાનક વધવાથી અને કોઈ ઠેકિનેટ ફોરેન બોડી શ્વાસનળીમાં ઉતરી જવાની હિસ્ટ્રી સાથે દાખલ થયેલ છે અને એમાંથી ૫૦% જેટલા બાળકો એક વર્ષથી નાની ઉંમરના છે

દરેક માબાપે ખાસ ધ્યાન રાખવાની એવી વસ્તુ એ જ છે કે જ્યારે બાળકો પાંચ વર્ષથી નાની ઉંમરના હોય ત્યારે આ પ્રકારની ફોરેન બોડી એના શ્વાસનળીમાં ન જાય અથવા મોઢામાં ન જાય એની ખાસ કાળજી લેવી જોઈએ જેથી કરીને આવી ઈમરજન્સી સિચ્યુએશનમાં હોસ્પિટલમાં દોડવું ન પડે..

રાજ્યકક્ષાનો નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ રાજકોટ રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે સંપન્ન

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૧

રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ લોકો અને વિદ્યાર્થીઓમાં સાયન્સ સીટી – રાજકોટ તરીકે પ્રચલિત થઇ ગયું છે. ત ૧૯મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ આ સેન્ટરના એક વર્ષ પૂર્ણ થયાની પ્રથમ વર્ષગાંઠ નિમિતે ૧૯ અને ૨૦ મી ઓક્ટોબરના રોજ રાજ્ય કક્ષાના ગુજરાત સ્ટેટ નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ – ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ફેસ્ટીવલમાં ગુજરાતના સમગ્ર જિલ્લાઓમાંથી વિજેતા બનેલ ૩૩ ટીમોના ધોરણ ૬ થી ૧૦ના ૩૦૦ થી વધુ બાળકો દ્વારા રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટના આંગણે વિજ્ઞાન આધારિત નાટકો રજુ કરવામાં આવ્યા હતા. સમગ્ર વીજેતા ટીમ્સને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ ડો. અનામિક શાહની પ્રેરક ઉપસ્થિતિમાં ઇનામ અને સર્ટીફીકેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજકોટ જીલ્લાની રંગમંચ અને શિક્ષણ ક્ષેત્રના નામાંકિત લોકોની નિર્ણાયક ટીમે રાજ્યના વિવિધ જિલ્લાઓની કૃતિઓ નિહાળી હતી નિર્ણાયકગણમાં સંગીત – નૃત્ય – નાટક અને લોકકલામાં 'ગૌરવ પુરસ્કાર' વિજેતા નીર્લોકભાઈ પરમાર રાજકોટની મહિલા કોલેજના ફીઝીક્સ વિભાગના વડા ડો. ચેતન ઠાકર, રાજકોટના નાટ્યજગતના જાણીતા એક્ટર ચેતનભાઈ ટાંક, ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજના આસિસ્ટંટ પ્રોફેસર દિવ્યાબેન પાંચોટિયા તથા એક્ટર કેયુરભાઈ અંજારિયા હાજર રહ્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક ગણ દ્વારા પ્રથમ, દ્વિતીય, તૃતીય નાટકો, બેસ્ટ ડાયરેક્શન, બેસ્ટ સ્ક્રીપ્ટ, બેસ્ટ એક્ટર, બેસ્ટ એક્ટ્રેસ અને સ્પેશિયલ એપ્રીશીયેશન પ્રાઈઝ ચુંટવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય કક્ષાના ગુજરાત સ્ટેટ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ – ૨૦૨૩માં કચ્છ જીલ્લાની સેન્ટ ઝેવિયર હાઈ સ્કુલની ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જેની થીમ મોર્ડન ટેકનોલોજી ઈન અવર ડેઈલી લાઈફ હતી અને નાટકનું ટાઈટલ જય વિજ્ઞાન જય અનુસંધાન હતું; ગાંધીનગર જીલ્લાની શ્રીમતી એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કુલની ટીમે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ હતું, જેની થીમ મિલેટ ધ સુપરફૂડ હતી અને નાટકનું ટાઈટલ બાજરી એક શ્રેષ્ઠ ધાન હતું; જામનગર જીલ્લાની ભવન એ.કે.દોશી વિદ્યાલયની ટીમે તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ હતું, જેની થીમ મિલેટ ધ સુપરફૂડ હતી અને નાટકનું ટાઈટલ જામનગર જીલ્લાની ભવન એ.કે.દોશી વિદ્યાલય શાળાની ટીમના ધાર્મિક પાલનપુરાને બેસ્ટ એક્ટરનું ઈનામ એનાયત કરવામાં આવ્યું. અંકલેશ્વર જીલ્લાની એસેન્ટ શાળાની ટીમના કુ. પલ્લીન ચૌહાણને બેસ્ટ એક્ટ્રેસનું, દાહોદ જીલ્લાની સેન્ટ મેરી શાળાની ટીમને સ્પેશિયલ એપ્રીસીયેશન પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું હતું. તેઓના નાટકની થીમ ફુડ સિક્યોરીટી હતી અને ટાઈટલ કૃષિ કાંતિ હતું.

ગુજરાત રાજ્ય કક્ષાના ગુજરાત સ્ટેટ ડ્રામા ફેસ્ટીવલ – ૨૦૨૩ માં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદની ગાઈડલાઈન મુજબ પ્રથમ સ્થાને આવેલ ટીમને રૂ. ૮,૦૦૦/- ઇનામનો ચેક અને સર્ટીફીકેટ; દ્વિતીય આવેલ ટીમને રૂ. ૬,૦૦૦/- અને સર્ટીફીકેટ, તૃતીય આવેલ ટીમને રૂ. ૪,૦૦૦/- અને સર્ટીફીકેટ, બેસ્ટ ડિરેક્ટરને રૂ. ૧,૦૦૦/- અને સર્ટીફીકેટ, બેસ્ટ સ્ક્રીપ્ટને રૂ. ૧,૦૦૦/- અને સર્ટીફીકેટ, બેસ્ટ એક્ટરને રૂ. ૧,૦૦૦/- અને સર્ટીફીકેટ, બેસ્ટ એક્ટ્રેસને રૂ. ૧,૦૦૦/- અને સર્ટીફીકેટ તથા સ્પેશિયલ એપ્રીશીયેશન ઇનામ મેળવેલને રૂ. ૧,૦૦૦/- અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

પાંચાળના દીકરી રીંકલબેન કુમારખાણી સરહદના સંત્રી બન્યા

વિંછીયા,તા.૨૧

વિંછીયા તાલુકાના પીપરડી ગામની કોળી સમાજની દિકરીએ આર્મીની તાલીમ પૂર્ણ કરી માદરે વતન પાંચાળની ધન્ય ધરા પીપરડી ગામે પધારતા વતનકે રખવાલે સ્વાગત સન્માન સમારોહ અને ભવ્ય રેલીમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો

પાંચાળનું ખમીર અને કોળી સમાજનુ અણમોલ રતન પીપરડી ગામનું ગૌરવ ખેડૂત પરિવારની દિકરી રીંકલબેન લાલજીભાઈ કુમારખાણીએ ઇન્ડિયન આર્મીમાં સિલેક્ટ થઈ હતી બાદ આર્મીની તાલીમ પૂર્ણ કરી માદરે વતન આવતા વીર વીરાંગનાને વધાવવા પીપરડી ગામે હજારો લોકો ઉમટી પડ્યાં હતાં અને ડીજે ના તાલે લોકો ઝુમી ઉઠ્યાં હતાં,ભારત માતા કી જય અને વંદે માતરમના નારાથી વાતાવરણ દેશ ભક્તિમય બન્યું હતું થોરીયાળી ચોકડીથી પીપરડી ગામ સુધી બે કિલોમીટર લાંબી રેલીમાં પાંચાળ પ્રદેશના સર્વે સમાજના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સામાજિક સમરસતાના દર્શન થયા હતા રેલીનું ઠેર ઠેર ગ્રામજનોએ સ્વાગત કર્યું હતું, સ્વાગત સન્માન સમારોહના આયોજક પાંચાળ વિકાસ બોર્ડ અને વિછીયા તાલુકા સમસ્ત કોળી સમાજ પ્રમુખ વિનોદભાઈ વાલાણીએ રીંકલબેન ને ભારત માતાની છબી ગિફ્ટ મોમેન્ટો અને શાલ ઓઢાડી દિવ્ય અને ભવ્ય સન્માન કર્યું હતું અને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાનાર તમામ ભાઈઓ બહેનો વિદ્યાર્થીઓનો આ તકે સૌનો વિનોદભાઈ વાલાણીએ આભાર વ્યક્ત કર્યો હતો

હત્યાના પ્રયાસના ગુન્હામાં આરોપી જામીન મુક્ત

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

રમેશભાઈ જીલરિયા નામના ફરિયાદી સાંજના સમયે પસાર થતાં હોય ત્યારે પાછળથી એક સ્કૂટર આવેલ અને સ્કૂટર પર સવાર વ્યક્તિએ ફરિયાદીને માથાના પાછળના ભાગે લોખંડના પાઈપનો એક ઘા મારેલ હોય જેથી ફરિયાદી તેઓના વાહન સાથે રોડ પર પળી ગયેલ અને તેઓનો પગ વાહનમાં ફસાય ગયેલ ત્યારે ઘા કરનારે વાહન બાજુમાં ઊભું રાખી દીધેલ જેમાં બે વ્યક્તિ હાથમાં લોખંડના પાઇપ અને છરી જેવા હાથીયારો સાથે નીચે ઉતરી ફરિયાદીને ધમકી મારેલ કે તે દિવશસે તું તારા ઘર પાસે સૂરવિર બનતો હતો, હું કોણ છુ ? તું મને ઓળખતો નથી? એમ કહીને એક વ્યક્તિએ ફરિયાદીના શરીર ઉપર આડેધડ છરીના ઘા મારવા લાગેલ જેથી ફરિયાદી રાડો પાળવા લાગેલ જેથી રાહદારી માણશો ઊભા રહી ગયેલ જેથી તે બન્ને હુમલાવરો ભાગતા- ભાગતા વધુ ઘા કરેલ અને ફરિયાદીનું મૃત્યુ થઈ ગયેલ હોય તેવું સમજી ત્યાતીથી જતાં રહેલ.

ફરિયાદીને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ ત્યાં ડોક્ટર દ્વારા તપાસ કરવામાં આવતા ફરિયાદીના માથા ઉપર, ગાલ, ગળા ઉપર, હાથના કાંડા, છાતી તેમજ પેટના ભાગે તથા પીઠના ભાગે ગંભીર ઈજાઓ જણાય આવેલ હતી જે હુમલા અંગે મોરબી એ-ડિવિજનમાં ફરિયાદ દાખલ થયેલ હોય અને ચાર આરોપી નવઘન, સલમાન, ઓમાન અને મકસૂદની ધરપકડ કરવામાં આવેલ હતી. જેમાં તપાસ પૂર્ણ થતાં નવઘન બાંભવાની જામીન અરજી સેશન્સ કોર્ટમાં દાખલ કરતાં તપાસ કરનાર પોલીસકર્મી દ્વારા આરોપી નવઘન સામેના ૧૪ ગુનાઓની હિસ્ટ્રી સાથે સોગંદનામું દાખલ કરેલ. આરોપીના વકીલ તેમજ ફરિયાદ પક્ષે સરકારી વકીલની દલીલો થયેલ કોર્ટએ આરોપી પક્ષના વકીલની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીના જામીન મંજૂર કરતો હુકમ કરેલ.

આ કેસમાં આરોપી વતી લોયર્સ ડેસ્ક લો-ફર્મના યુવા એડવોકેટ ભાવેશ બાંભવા, હિતેષ વિરડા એડવોકેટ રોકાયેલ હતા.

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતિ ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

ADVOCATE

ચીમન ડી.સાંકળીયા (બીએસસી,એલએલબી)

(એડવોકેટ)(ગુજરાત હાઇકોર્ટ) ૯૮૨૫૩ ૪૨૨૪૯

ઓફીસ એડ્રેસઃ જે-૬, ગોકુલ કોમ્પ્લેક્ષ, પેલા માળે, મોચી બજાર કોર્ટ સામે રાજકોટ

સૌરાષ્ટ્ર ક્રાંતિને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

ADVOCATE

ADVOCATE

શ્રી નરેન્દ્રસિંહ જાડેજા

(એડવોકેટ) મો.૯૮૨૪૮૧૬૯૦૯,

પ્રમુખ (ડિસ્ટ્રીકટ બાર એસોસિયેશન રાજકોટ)

ઓફીસ એડ્રેસઃ ઓફિસ નં. ૮, બાલાજી કોમ્પ્લેક્ષ, પ્રથમ માળે, તિરુપતિ નગર શેરી નં ૨ તથા ૩ વચ્ચે, હનુમાન મઢી, રૈયા રોડ, રાજકોટ

પ્રદેશ ભાજપ અગ્રણી નીતિન ભારદ્વાજનો આજે જન્મ દિવસ

રાજકોટ : શહેર ભાજપના પૂર્વ પ્રમુખ, સુરેન્દ્રનગરના પૂર્વ પ્રભારી, પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજનો આજે જન્મ દિવસ છે. તેઓનો જન્મ તા. ૨૧ ઓકટોબર ૧૯૬૩ ના દિવસે થયેલ. આજે તેઓ યશસ્વી જીવનના ૬૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.

નીતિન ભારદ્વાજ ભૂતકાળમાં બે વખત સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન પદે રહી ચૂકયા છે. તેમના જન્મદિને રાજકીય, સામાજીક, વિવિધ ક્ષેત્રના આગેવાનો, પક્ષના કાર્યકરો દ્વારા ૯૮૨૪૦ ૪૩૦૪૩ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

અવસાન નોંધ

રાજકોટ નિવાસી વિજયાનંદપુરી ગુલાબપુરી ગોસ્વામી (ઉ.વ.આ.૭૦) તે મનસુખપુરી, સ્વ.જયંતિપુરી, નારણપુરી, સ્વ.નરોતમપુરી, ચતુરપુરીના ભાઈ તે રાકેશ વી. ગોસ્વામી તથા સંદિપ વી.ગોસ્વામી,એડવોકેટના પિતા અવસાન તા.૨૦ ને શુક્રવારના રોજ થયેલ છે. સદગતનું બેસણું તા.૨૩-૧૦ને સોમવાર સમય સાંજે ૪ થી ૬ સ્થળઃ સોમેશ્વર મહાદેવ મંદિર,૨વિરત્ન પાર્ક મેઈન રોડ,યુની.રોડ,રાજકોટ ખાતે રાખેલ છે.

કલબ યુવીમાં કાલે ભવ્ય મહા આરતીઃ પાટીદારોમાં અનેરો ઉત્સાહ

સંપૂર્ણ પારીવારીક માહોલ વચ્ચે રંગ જમાવતું કલબ યુવીઃ શકિત અને ભકિતનો સમન્વય

પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ પ્રશાંત કોરાટ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, પુષ્કરભાઈ પટેલ સહીતનાએ રાસોત્સવ માણ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

રાજકોટના સેકન્ડ રીંગ રોડ પર કલબ યુવી દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવમાં સંપૂર્ણ પારીવારી કમાહોલમાં રંગબેરંગી ડ્રેસમાં સજ્જ ખેલૈયાઓ રાસોત્સવનો આનંદ માણી રહ્યા છે. તેમજ ખૈલેયાઓને ઝુમતા જોવાનો લ્હાવો લેવા દર્શકોની પણ ભીડ જામી રહી છે. કલબ યુવીમાં આવતીકાલે મા ઉમિયાના આઠમાં નોરતે ભવ્ય મહાઆરતી યોજનાર છે. કલબ યુવી આયોજીત મહાઆરતી માં સામેલ થવા પાટીદાર શ્રેષ્ઠીઓ તથા પાટીદાર સંસ્થાઓ, સમાજના શ્રેષ્ઠીઓ, રાજકીય સામાજીક મહાનુભાવો, અગ્રણીઓ બહોળી સંખ્યામાં જોડાશે.

અર્વાચીન રાસોત્સવ ક્ષેત્રે કંઇ નવું કરવાની નેમ સાથે નામાંકીત કલબ યુવીમાં સતત ૧૫ માં વર્ષે રાસોત્સવનું આયોજન નવા જ કલેવર સાથે થયુ છે. રંગબેરંગી ટ્રેડીશ્નલ ડ્રેસમાં સજજ ખલૈયાઓ સુર તાલ ના સંગમમાં મન મુકી ઝુમી રહયા છે. તો રાસોત્વનો આનંદ માણવા દર્શકોની ભીડ જામી રહી છે. કલબ યુવીમાં હર વર્ષની માફક આ વર્ષે આઠમાં નોરતે ભવ્યાતીભવ્ય મહાઆરતીનું આયોજન થયું છે. હજારો પાટીદાર ભાઇઓ-બહેનો પ્રજવલ્લીત દિપ સાથે મા ઉમિયાની મહાઆરતીમાં જોડાશે. કલબ યુવી રાસોત્સવના ગ્રાઉન્ડમાં કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયાના મંદિરની સ્થાપના કરવામાં આવે છે. તેમજ દરરોજ તેમની પુજા અર્ચના અને વિવિધ મહાનુભાવો દ્વારા આરતી કરવામાં આવે છે.

કલબ યુવી નવરાત્રી મહોત્વના છઠ્ઠા નોરતે કલબ યુવી ના બોર્ડ ઓફ ડાયરેકટર સ્મિતભાઇ કનેરીયા, ડો. કલ્પેશભાઇ ઉકાણી, મેઘાબેન ઉકાણી, કોર કમીટીના રજનીભાઇ ગોલ, વસંતભાઇ કનેરીયા, આઇકોન ગ્રુપના ભાવેશભાઇ ફળદુ, તુલસી એગ્રી ના ચીરાગભાઇ ભાલોડીયા. જી.એમ. ગ્રુપના મીતલબેન સાયજા, ત્રીજી ડેવલોપર્સના યશભાઇ સુરેજા, ચેતનભાઇ સુરેજા, શહેર ભાજપના મંત્રી હરેશભાઇ કાનાણી, સંગઠનના હોદેદારો પ્રભારી રઘુભાઇ ધોળકીયા, ટાઉન પ્લાનીંગ સમીતીના ચેરમેન ચેતનભાઇ સુરેજા, કોર્પોરેટરો ઘોત્સનાબેન ટીલાળા, રાજેશ્રીબેન ડોડીયા, મહામંત્રી મેહુલભાઇ નથવાણી, કાઇમ બ્રાન્ચના ડી.સી.પી. ડો. પાર્થરાજસિંહ ગોહીલ, દિકરાનું ઘર સંસ્થાના અનુપમભાઇ દોશી એ માતાજીની આરતીનો લ્હાવો લીધો હતો. અતિથિ વિશેષ તરીકે મ્યુનીસીપલ કમિશનર આનંદ પટેલ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મિરાણી, પૂર્વ સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ પ્રશાંત કોરાટ, શહેર યુવા મોરચા પ્રમુખ કિશનભાઇ ટીલવા, કાર્યાલય મંત્રી હરેશભાઇ જોષી, કોર્પોરેટર કિર્તીબા રાણા, ક્રાઇમ બ્રાન્ચના એ.સી.પી. બી.બી.બસીયા, ટ્રાફીક એ.સી.પી. જે.બી.ગઢવી એ ઉપસ્થિત રહી રાસોત્સવનો આનંદ માણ્યો હતો.

કલબ યુવી રાસોત્સવમાં છઠ્ઠા નોરતે વિવિધ કેટેગરી વાઇસ વિજેતા જાહેર કરાયા હતા. જેમાં ચિલ્ડ્રન વેલ ડ્રેસ પ્રિન્સેસ ભાલોડી સાન્વી, કાલરીયા જીયા, ચિલ્ડ્રન વેલ ડ્રેસ પ્રિન્સ દેસાઇ વૈર્ય, ઘોડાસરા દર્શ, ચિલ્ડ્રન પ્રિન્સેસ તરીકે ત્રાંબડીયા ધાર્મી, મેંદપરા દિવા, ચિલ્ડ્રન પ્રિન્સ તરીકે દલસાણીયા ઋષ્મી, ભાલોડી કુશ, વેલ ડ્રેસ પ્રિન્સેસ તરીકે માકડીયા જીત્યા, હદવાણી પાયલ, પ્રમુખ પ્રશાંત કોરાટ, શહેર યુવા મોરચા પ્રમુખ કિશનભાઇ ટીલવા, કાર્યાલય મંત્રી હરેશભાઇ જોષી, કોર્પોરેટર કિર્તીબા રાણા, ક્રાઇમ બ્રાન્ચના એ.સી.પી. બી.બી.બસીયા, ટ્રાફીક એ.સી.પી. જે.બી.ગઢવી એ ઉપસ્થિત રહી રાસોત્સવનો આનંદ નોરતાના વિવિધ કેટેગરી વાઇસ વિજેતા જાહેર કરાયા હતા. જેમાં ચિલ્ડ્રન વેલ ડ્રેસ પ્રિન્સેસ જાવીયા ધ્યાના, કનેરીયા જેસીકા, ચિલ્ડ્રન વેલ ડ્રેસ પ્રિન્સ વૈષ્નાણી માધવકુમાર, રાણીપા અક્ષ, ચિલ્ડ્રન પ્રિન્સેસ તરીકે સાવલીયા ટવીશા, ઘોડાસરા જાનકી, ચિલ્ડ્રન પ્રિન્સ તરીકે હીસું જશ, કાંજીયા હર્ષ, વેલ ડ્રેસ પ્રિન્સેસ તરીકે પોશીયા ધ્રુવી, કાનાણી તુલશી, વૈષ્નાણી દેવીકેન, વેલ ડ્રેસ પ્રિન્સ કનેરીયા, દિલીપભાઇ ઝાલાવડીયા, રવિભાઇ ચાંગેલા, હસુભાઇ નાર, ચેતનભાઇ ભુતના સોશિયલ મીડીયા ઇન્ચાર્જ, જય કડીવાર, કેવલ ખીરસરીયા, કિશન સીણોજીયા, સહીતના મહેમાનોએ વિજેતા ખેલૈયાઓને ઇનામ આપી પ્રોત્સાહીત કર્યા હતા. તેમ જણાવ્યું છે.

રાજ્યના ૯૭ ખરીદ કેન્દ્રો પર ૧૧ લાખ ૫૧ હજાર મેટ્રિક ટનથી વધુના ખરીદ પાકોની ખરીદી કરવામાં આવશે : કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ

એ.પી.એમ.સી. રાજકોટ ખાતેથી ખરીફ પાકોની ટેકાના ભાવે રાજયવ્યાપી ખરીદીનો શુભારંભ કરાવતા કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

આજે રાજકોટ જૂના એ.પી.એમ.સી. ખાતેથી કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ખરીફ પાકો મગફળી,સોયાબીન,અડદ અને મગ જેવા ખરીફ પાકોના ટેકાના ભાવની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

રાજકોટથી કૃષિ જણસોના ટેકાના ભાવની રાજય વ્યાપી ખરીદીનો પ્રારંભ કરાવતા કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્ર નરેન્દ્રભાઈ મોદીની નેમ છે કે ભારતનો ખેડૂત સમૃદ્ધ બને ત્યારે તેમની આવક બમણી કરવા અને દેશના ખેડૂતોને તેઓની ઉત્પાદિત થતી જણસીઓના તેઓને પોષણક્ષમ ભાવો મળે તે માટે ભારત સરકારની લઘુત્તમ ટેકાના ભાવની નીતિનો અમલ કરવામાં આવે છે. ભારતને મહાસત્તા બનાવવામાં ભારતનું સૌથી મોટું રોજગાર ક્ષેત્ર કૃષિ ક્ષેત્ર છે ત્યારે તેના ખેડૂતોને ઉત્પાદન ક્ષેત્રે કોઈ નુકસાની ન થાય તેની સરકાર દરકાર લઇ રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી અન્વયે ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારની માંગણી મુજબ મગફળી માટે ૯,૯૮,૦૦૦ મે.ટન, સોયાબિન માટે ૯૧,૩૪૩ મે.ટન, મગ માટે ૯,૦૦૦ મે.ટન તથા અડદ માટે ૫૩,૦૦૦ મે.ટન જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી અન્વયે ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારની માંગણી મુજબ મગફળી માટે ૯,૯૮,૦૦૦ મે.ટન, સોયાબિન માટે ૯૧,૩૪૩ મે.ટન, મગ માટે ૯,૦૦૦ મે.ટન તથા અડદ માટે ૫૩,૦૦૦ મે.ટન જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. રાજ્યના તમામ જિલ્લાઓમાં ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી અન્વયે ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારની માંગણી મુજબ મગફળી માટે ૯,૯૮,૦૦૦ મે.ટન, સોયાબિન માટે ૯૧,૩૪૩ મે.ટન, મગ માટે ૯,૦૦૦ મે.ટન તથા અડદ માટે ૫૩,૦૦૦ મે.ટન જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. રાજ્યના તમામ જિલ્લાઓમાં ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી અન્વયે ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારની માંગણી મુજબ મગફળી માટે ૯,૯૮,૦૦૦ મે.ટન, સોયાબિન માટે ૯૧,૩૪૩ મે.ટન, મગ માટે ૯,૦૦૦ મે.ટન તથા અડદ માટે ૫૩,૦૦૦ મે.ટન જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. રાજ્યના તમામ જિલ્લાઓમાં ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી અન્વયે ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારની માંગણી મુજબ મગફળી માટે ૯,૯૮,૦૦૦ મે.ટન, સોયાબિન માટે ૯૧,૩૪૩ મે.ટન, મગ માટે ૯,૦૦૦ મે.ટન તથા અડદ માટે ૫૩,૦૦૦ મે.ટન જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

વળી આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અન્વયે આંતરરાષ્ટ્રીય સ્તરે મિલેટ્ની માંગ વધી છે તો આવા ધાન્યોનું વધુમાં વધુ વાવેતર ગુજરાતનો ખેડૂત કરે તો તેના ભાવો મેળવી તે સક્ષમ બની શકશે.આ સાથે જ મંત્રીએ પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકી ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી દ્વારા સ્વાસ્થ્યપ્રદ અન્ન અને ગુણવત્તાલક્ષી ઉત્પાદન અને તેના ગુણવત્તાલક્ષી બજાર ભાવો વિશે વધુ માહિતી આપી હતી.

આ પ્રસંગે ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ખેડૂતોની જણસી તૈયાર થઈ જાય ત્યારબાદ ટેકાના ભાવો જાહેર કરવામાં આવતા હતા જે કારણે પણ ખેડૂતોને પૂરતા ભાવો મેળવવામાં નુકસાન જતું જ્યારે આજે ખેડૂતો વાવેતર કરે તે પહેલા જ તેના ટેકાના ભાવો જાહેર કરાય છે જેના થકી ખેડૂતોને જણસીના વાવેતર અંગે પણ માર્ગદર્શન મળી રહે છે.

વળી, સરકાર દ્વારા વિદેશથી આયાત કરવી પડતી કૃષિ જણસોને જો કોઈ ખેડૂત આપણા જ દેશમાં પકવવા ઇચ્છતો હોય તો તેવા પાકો સરકારની પ્રોત્સાહન નીતિ અંતર્ગત સરકાર ઓનલાઈન પોર્ટલ દ્વારા તેના ભાવ જાહેર કરી ખરીદ કરી લેતી હોય છે.ખેડૂતોના સમૃદ્ધિના માર્ગમાં સહકાર ક્ષેત્ર પણ આગામી દિવસોમાં અનન્ય યોગદાન આપી સહકારથી સમૃદ્ધિના માર્ગે આગળ લઈ જશે તેવી અભ્યર્થના ચેરમેન સંઘાણીએ વ્યક્ત કરી હતી.

ભારત સરકાર દ્વારા આ વર્ષ ૨૦૨૩-૨૪ ખરીફ પાકોના ભાવ તા. ૧૯.૦૬.૨૦૨૩ ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ભારત સરકારએ મગફળીનો ટેકાનો ભાવ રૂ.૬૩૭૭ કિવ., મગનો ટેકાનો ભાવ રૂ. ૮૫૫૮ કિવ., અડદનો ટેકાનો ભાવ રૂ.૬૯૫૦ કિવ. અને સોયાબીનનો ટેકનો ભાવ રૂ. ૪૬૦૦ કિવ. જાહેર કરેલ છે.

વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્યમાં મગફળી માટે ૧૬૦, મગ માટે ૭૩, અડદ માટે ૧૦૫ અને સોયાબીન માટે ૯૭ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવેલ છે. આ ખરીદ કેન્દ્રો **APMC** માર્કેટ યાર્ડ ખાતે કાર્યરત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડૂતોને તેમની ઉપજ માટે ટેકાના ભાવો મળે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન **(PM-AASHA)**, છત્ર યોજના લાગુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રાઇઝ સપોર્ટ સ્કીમ **(PSS)** યોજના એ ઉચ્ચ રોકાણ અને ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા અને રાજ્ય અને દેશમાં ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વળતરકારક ભાવો પ્રદાન કરે છે. રાજ્યમાં જે તે પાકોના બજાર ભાવ ટેકાના ભાવથી નીચા જાય ત્યારે રાજ્ય સરકાર તુરંત આગોતરું આયોજન કરી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરે છે.

જેમાં બાજરી, જુવાર, મકાઈ, ડાંગર, કપાસ, તુવેર, મગ, અડદ, મગફળી, તલ તથા રવિ પાકો જેવા કે ઘઉં, ચણા, રાયડો અને શેરડીનો સમાવેશ થાય છે. છેલ્લા સાત (૭) વર્ષોમાં રાજ્યમાં મગફળી, મગ, અડદ, તુવેર, ચણા, રાયડો,મગ અને કપાસની કુલ ૨૫,૯૦,૮૩૯ લાભાર્થી ખેડૂતો પાસેથી કુલ રૂપિયા ૨૪,૮૦૯ કરોડ મૂલ્યની ૪૯,૨૬,૧૨૦ મેટ્રિક ટન જથ્થાની ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવેલ છે.આ પ્રસંગે ચેરમેન રાજકોટ ખરીદ-વેચાણ સંઘ શમગનભાઈ ધોણીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ તકે સાંસદઓ મોહનભાઈ કુંડારિયા,રામભાઈ મોકરીયા, ધારાસભ્યઓ ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, અગ્રણી રાજુભાઈ ધ્રુવ, એ.પી.એમ.સી. રાજકોટ ચેરમેન જયેશભાઈ બોઘરા, રાજકોટના સહકારી આગેવાનો, અગ્રણી નરેન્દ્રસિંહ જાડેજા, સંજયભાઈ રંગાણી, ડો.ડાયાભાઈ પટેલ, ઈન્ચાર્જ જિલ્લા ખેતીવાડી અધિકારી અશોક સોજીત્રા તથા બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ખેડૂતો અને કૃષિ સેક્ટર માટે અનેક રાહતો અને પ્રોત્સાહનો જાહેર કરતા રાજયના ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ : વિજય કોરાટ

કેન્દ્ર સરકાર દ્વારા રવિ પાકના ટેકાના ભાવમાં ૨ થી ૭ ટકાનો વધારો કરતા પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજય કોરાટ દ્વારા આવકાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં ખેડૂતો અને કૃષિ સેક્ટર માટે અદ્ધભુક રાહતો અને પ્રોત્સાહનો મંજુર કરીને ૬ રવિ પાક માટેના ટેકાના લઘુતમ ભાવમાં તોતિંગ વધારો કરતા પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ખેડૂતોની આવકવધારી તેમની આર્થિક સ્થિતિ સુધારવાની દિશામાં સતત કામ કરી રહ્યું છે.

વધુમાં વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, સરકાર સમયાંતરે રાજ્યના ખેડૂતો અને કૃષિકારોના ઉત્કર્ષ માટે પ્રોત્સાહક યોજનાઓની જાહેરાતો થતી હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા કેબીનેટ બેઠકમાં ૦૬ રવિ પાકના ટેકાના ભાવમાં સત્તત વધારો કરાયો છે. જેનાથી ખેડૂતોને આવતા સમયમાં ખુબ જ આર્થીક ફાયદો થશે.

ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારે ખેડૂતોને આપેલા વચન સમયાંતરે પરિપૂર્ણ કરીને ખેડૂતોને રાહતો આપી તેમની આવકમાં બમણો વધારો થાય તેવા પ્રયત્નશીલ રહ્યા છે. ગત વર્ષ અને ચાલુ વર્ષના ટેકાના ભાવના વધારાની સરખામણી કરીએ તો ઘઉંમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૧૨૫ હતો જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૨૭૫ કરી ૧૫૦નો વધારો કરવામાં આવ્યો છે, તેવી જ રીતે જવમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૭૩૫ હતો જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૮૫૦ કરી ૧૧૫નો વધારો, ચણામાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૩૩૫ હતો જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૪૪૦ કરી ૧૦૫નો વધારો, મસૂરમાં વર્ષ ૨૦૨૩- ૨૪માં ૬૦૦૦ હતો જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૬૪૨૫ કરી ૪૨૫નો વધારો, સરસવ-રાઈમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૪૫૦ હતો જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૬૫૦ કરી ૨૦૦નો વધારો, સનફ્લાવરમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૬૫૦ હતો જે વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૮ કરી ૧૫૦નો વધારો કરી રિવ પાકમાં આ વર્ષે ૨ થી ૭ ટકા સુધીનો તોતિંગ ભાવવધારો આપતા સમગ્ર રાજ્યના ખેડૂતો અને કૃષિકારોમાં આનંદની લાગણી છવાઈ છે.

સરકારએ લઘુતમ ટેકાના ભાવમાં વધારો તેમજ અનેક રાહતો જાહેર કરતા ગુજરાતભરના ખેડૂતો-કૃષિકારોને મોટો આર્થીક ફાયદો થશે.

સરકાર ખેડૂતોની આવક દોઢ ગણી વધારશે. સરકારની યોજનાના કારણે છેલ્લા આઠ વર્ષમાં ખાધાન્ન ઉત્પાદન ૩૧% વધ્યું છે. જેનાથી આવનારા દિવસોમાં ખેડૂતો-કૃષિકારોની આવકમાં વધારો થશે.

જિલ્લાના વિવિધ પ્રશ્નોનુ નિયત સમય મર્યાદામાં નિરાકરણ લાવવા કલેક્ટરની સુચના

ધારાસભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલી રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

ધારાસભ્ય ડો. મહેન્દ્ર પાડલીયા અને રમેશ ટીલાળાની ઉપસ્થિતિમાં અને જિલ્લા કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકના પ્રારંભે નિવાસી અધિક કલેક્ટર એસ.જે.ખાચરે બેઠકમાં ઉપસ્થિત સૌ સભ્યોને આવકાર્યા હતા. ધારાસભ્ય ડો.પાડલીયાએ ધોરાજી તથા ઉપલેટા નગરપાલિકા વિસ્તારના માર્ગો, સિંચાઈનુ પાણી, કેનાલની સફાઈ, વગેરે અંગેના પ્રશ્નોની રજૂઆત કરી હતી, જેનું નિયત સમય મર્યાદામાં નિરાકરણ લાવવા કલેક્ટરએ સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી. ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલા રાજકોટ જિલ્લાના બાળકોને વિવિધ સરકારી યોજનાના લાભો આપવા કલેક્ટરએ ઉપસ્થિત અધિકારીઓને સૂચના આપી હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં કલેકટર પ્રભવ જોષીએ ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન અંતર્ગત વધુને વધુ વિસ્તારોને સઘન સફાઈ હેઠળ આવરી લેવા તમામ વિભાગોને સૂચના આપી હતી. તથા સરકારી કચેરીઓ ખાતેની ફાઈલો અને પસ્તીનો નિકાલ, રંગરોગાન, કચરાનો નિકાલ, વગેરે કામગીરી સત્વરે સંપન્ન કરવા તાકીદ કરી હતી. કલેકટરએ સી.એમ. ડેશ બોર્ડમાં રજૂ થતા નકારાત્મક અહેવાલો અંગે કરેલી જરૂરી કાર્યવાહી ઓનલાઈન અપડેટ કરવા સૂચના આપી હતી. તથા ''મેરી મિટ્ટી, મેરા દેશ'' કાર્યક્રમ અંતર્ગત યોજાનારી કળશ યાત્રા અને રાજકોટ જિલ્લામાં વિવિધ પ્રવાસન સ્થળોએ ચાલી રહેલા વિકાસ કાર્યોની પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ વડાપ્રધાનના ''વિઝન-૨૦૪૭'' અન્વયે આવનારા વર્ષોમાં તમામ સરકારી વિભાગોની યોજનાઓના વિસ્તરણ તથા મહત્તમ નાગરિકોને સરકારી યોજનાઓ અંતર્ગત આવરી લેવા અંગેનો વિગતવાર અહેવાલ તૈયાર કરવા આદેશ કર્યો હતો. નાયબ મ્યુનિસિપલ કમિશનર મહેશ નાકિયાએ નજીકના સમયમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાઓ અંતર્ગત વધુ ને વધુ લાભાર્થીઓની ઓનલાઈન એન્ટ્રી કરાવવા વિવિધ વિભાગોના અધિકારીઓને અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં રાજકોટ જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ભાનુબેન બાબરીયા, રાજકોટ જિલ્લા ગ્રામ્ય પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ, પ્રાંત અધિકારીઓ સર્વ કે. જી. ચૌધરી, જે.એન. લીખીયા, ગમારા, ડી.સી.પી. ભાર્ગવ પંડ્યા,એક્ઝિક્યુટિવ એન્જિનીયર કે.એન.ઝાલા, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી કેતન ખપેડ, મહિલા અને બાળ વિકાસ અધિકારી અવનીબેન દવે, જિલ્લા પુરવઠા અધિકારી અવનીબેન હરણ જિલ્લા શિક્ષણ અધિકારી બી.એસ. કૈલા, તથા સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સઘ લિમીટેડ

'સહકાર', ગોડલ રોડ, બોમ્બે પેટ્રોલ પપ પાસે, રાજકોટ–૩૬૦ ૦૦૨
ફોન : ૨૨૨૮૪૧૪–૨૨૨૮૧૭૫–૨૨૨૩૪૨૮

આકડાકીય વિગત : સને ૨૦૨૨–૨૦૨૩

રજી. ન.૧૫૬૨ તા : ૪/૨/૧૯૫૭	અનામત ભડોળ : રૂ.૫૯,૫૧,૪૨,૬૧૨-૦૦
શેર ભડોળ : રૂા.૧૯,૬૩,૫૩૦-૦૦	રોકાણ :– રૂા.૨,૬૬,૭૯,૧૦,૮૮૫-૬૪
અન્ય ફડો : રૂા.૨,૦૨,૮૦,૩૪,૩૧૦-૬૩	ડીવીડન્ડ : ૧૫ %
સભાસદ સખ્યા : મડળી–૬૧ વ્યકિત –૮	ઓડીટ વર્ગ : "અ" (૨૦૨૧–૨૦૨૨)
ઓખ્ખો નફો : રૂા.૧૧,૯૮,૫૧,૦૧૨-૯૩	કાર્યક્ષત્ર – રાજકોટ અને લોધીકા તાલુકો

રાસાયણીક ખાતરો, સહકાર બ્રાડ શુધ્ધ સીગતેલ અને ચ્હાની ભુકીનુ જથ્થા બધ અને છુટક વેચાણ ફકત સઘના પોતાના ડેપો પરથી કરે છે. ખેડુતોની ખેત પેદાશના સગ્રહ,વેચાણ, પ્રોસેસીગ અને ખાદ્યતેલ રીફાઈનીગ કામાગીરી કસ્તુરબાધામ(ત્રભા) ગામ ખાતે કરે છે. કુલ ૨૧ એકર જમીન પર ઓઈલ મીલ, ખાદ્યતેલ રીફાઈનરી, ગોડાઉનો, તેલ સ્ટોરેજ ટેન્કસ, ખાદ્યતેલ–તેલીબીયાના પ્રથ્થકરણ માટે અદ્યતન લેબોરેટરી, ખાદ્યતેલોની પેકીગ મશીનરી, ઈલે. કોમ્પ. વેબ્રીજ વિગેરે ધરાવે છે. સઘની સભાસદ મડળીઓના ખેડુત ખાતેદારોને રૂા.૬,૦૦,૦૦૦–૦૦ નો અકસ્માત વિમો ઉતરાવી આપેલ છે. ગભીર બિમારીમા રૂા.૨૫,૦૦૦–૦૦ ની મર્યાદા અને ક્રીપ ઈરીગેશન સીસ્ટમમા રૂા.૨૦,૦૦૦–૦૦ ની મર્યાદામા આર્થિક સહાય આપવામા આવે છે.

નરેન્દ્રસિહ એ. જાડેજા
પ્રમુખ

નવી કલેવર નવી ફલેવર સાથે સહિયરનો રંગ જામ્યો

સહિયરની રંગત માં લાગેલા ઈનામોથી ખેલૈયાઓ ભોજમાં : સુરેન્દ્રસિંહ વાળાનું આયોજન ''સફળ''

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

સહીયર રાસ ઉત્સવ દિવસેને દિવસે મોજીલી રંગત પકડી રહ્યું છે ભરચક ખેલૈયાએ ભરચક મહેનત અને પ્રતિષ્ઠિત મહેમાનોથી સહિયર શોભાયમાન થાય છે.

છઠ્ઠા નોરતે આદ્યશક્તિની આરતી સુરેન્દ્રસિંહ વાળાના દીકરીબા અર્ચનાબા તથા જમાઈ માધવરાજસિંહના હસ્તે કરવામાં આવી હતી તેજસ શિશાંગીયા તથા અપેક્ષા પંડ્યાએ ભાવતત્પર આરતીગાન કર્યું હતું. પ્રથમ રાસના દોરમાં લોકગાયિકા અપેક્ષા પંડ્યા તથા બીજા દોરમાં ગરબા કિંગ રાહુલ મહેતાની રંગત જામી હતી ડાકલા તથા ટીટોડાના દોરમાં તેજસ શિશાંગિયાએ સુર પુરાવ્યા હતા.

સહિયરને અભિનંદન આપવા સાંસદ રામભાઈ મોકરીયા પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા ભક્તિનગરના પી.આઈ મયુરધ્વજસિંહ સરવૈયા બી.ડિવિઝન પી.આઈ. આર.જી બારોટ પાલવ સ્કૂલ જગદીશભાઈ દોંગા વોર્ડ નંબર ૯ના જયસુખભાઈ કાથરોટીયા પ્રવીણભાઈ સગલીયા વિરેન્દ્રભાઈ ભટ્ટ, દેવભાઈ ગજેરા, અજીતસિંહ જોડેજા ઉપસ્થિત રહ્યા હતા.

ગરબાની સાથે લોકોએ ડી.જે ની રંગત ડી.જે મયુર સાથે માણી હતી આ તકે શ્રીનાથજી સ્ટુડિયો પંકજભાઈ રાણપરા એ સહિયરનું ટીઝર બિગ સ્ક્રીન પર પ્રેઝન્સ કર્યું હતું ત્યારે ખેલૈયાઓએ તાલીઓથી વધાવ્યું હતું.

સહિયરમાં પ્રથમ વાર રીધમ કિંગ હિતેશ ઢાકેચાએ ગરબા વચ્ચે ધમાલમાં કચ્છી પેટર્ન ક્રિએટ કરી ખેલૈયાઓને ડોલાવ્યા હતા.

આજરોજ વિજેતા પ્રથમ - વનરાજસિંહ ઝાલા - કૃતિ પટેલ દ્વિતીય - ઉમેશ રાજપુત - શિવાની પટેલ તૃતીય - દીપ ચૌહાણ - શ્વેતા સવજીયાની ચતુર્થ - જયેશ વાઘેલા - વિશાખા ચતવાણી વેલ્ડ્રેસ - એકતાબા જોડેજા - ગોપી ડોડીયા જુનિયર વિનર પ્રથમ - કેવિન પીઠડીયા - માહી સાવલિયા દ્વિતીય - આદેશ દામાણી - યસ્વી ટાંક વેલ ડ્રેસ - અર્થ શેખ - મહિમા મકવાણા કોન્સ્યુલેશન પ્રાઈસ - દેવાંશીબા જોડેજા - ચાર્મી પટેલ જાહેર થયા હતા.

વિજેતાઓને સહિયરના વાઈસ પ્રેસિડન્ટ ચંદુભા પરમાર કૃષ્ણરાજસિંહ જોડેજા, પી.આઈ આર.જી. બારોટ,રિલાયન્સ ડિજિટલ તથા ટ્રેન્ડસના સ્વરૂપાબેન તથા મિતેશભાઈ પુજારા હાર્દિકભાઈ રાછ, રવિરાજસિંહ જોડેજા વિજયસિંહ ઝાલા તીર્થરાજસિંહ ગોહિલ હિતેશભાઈ ઢાકેચા, રોહિત વાઘોડિયા પ્રતિપાલસિંહ જોડેજા હિતેન્દ્રસિંહ ઝાલા વિરેન્દ્રસિંહ ઝાલા પ્રદ્યુમનસિંહ રાણા ધમભા ઝાલા હરદીપસિંહ જોડેજા દિવ્યરાજ સિંહ જોડેજા તથા દીકરીબા જ્યોતિશાબા તથા વિશ્વરાજસિંહ જોડેજા, કુલદીપસિંહ જોડેજાશ્રના હસ્તે અપાયા હતા.ક્ર

બેસ્ટ ગ્રુપ ઓફ ધ ડે નું પ્રાઈસ ''ઓમ ગ્રુપ'' ને સહિયરના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાના હસ્તે અપાયું હતું તેમ પત્રકાર તેજસ શિશાંગિયાનની યાદીમાં જણાવાયું છે.

રવિવારે આઠમા નોરતે મહાગૌરીની પૂજા



આઠમું નોરતું મહાગૌરી માતાજીનું પૂજન માતાજીનું આઠમું સ્વરૂપ નામ મહાગૌરી છે.

માતાજીનું સ્વરૂપ એકદમ ગૌર છે એટલે કે સફેદ છે માતાજી આઠ વર્ષની બાળાના સ્વરૂપમા બીરાજે છે . માતાજીને ચાર હાથોમા જમણા હાથમા વરદાન મુદ્રા છે તથા ત્રિશુળ છે. ડાબી બાજુના હાથોમા ડમરૂ અને અભય મુદ્રા છે. મહાગૌરી માતાજીની પૂજાની ઉપાસના નવરાત્રિના આઠમા નોરતે થાય છે. શ્રી રામચંદ્ર ભગવાને પણ માતાજીની ઉપાસના કરેલ અને આ દિવસે માતાજીએ રામ ભગવાનને સિદ્ધિના આશીર્વાદ આપેલ.

માતાજીની ઉપાસના કરવાથી અમોઘ સિધ્ધિની પ્રાપ્તિ થાય છે અને ભક્તોનું કલ્યાણ થાય છે . સાથે પાછલા જન્મોમા કરેલા પાપો નો પણ ક્ષય થાય છે. માતાજીની કૃપાથી અલોકીક સિધ્ધિની પ્રાપ્તી થાય છે . જે મનુષ્ય માતાજીની ભક્તિ ભાવથી પૂજા કરે છે તેમને માતાજી વરદાન આપે છે અને તેમની બધી જ શુભ મનોકામના પૂર્ણ થાય છે.

માતાજીનો મંત્રઃ- ઓમ ક્રીં હ્રી વરદાય નમ :

નૈવેદ્ય : - માતાજીને શ્રીફળ અર્પણ કરવું માતાજીને શ્રીફળ અર્પણ કરવાથી મનની બધી જ શુભ મનોકામના પૂર્ણ થાય છે.

સોમવારે નવમા નોરતે મા સિદ્ધિદાત્રીની પૂજા

નવમું નોરતું સિધ્ધિદાત્રી માતાજીની પૂજા માતાજીનું નવમું સ્વરૂપનું નામ સિધ્ધિદાત્રી છે. માતાજી બધી જ પ્રકારની શુભ સિધ્ધિ આપનાર છે. માર્કન્ડેય પુરાણ પ્રમાણે અણિમા મહિમા, લઘિમા, પ્રાપ્તી, પ્રકામ્ય, ઈશત્વ અને વશિત્વ આ આઠ પ્રકારની સિધ્ધિ છે. જયારે બ્રહ્મ વૈવર્તપુરાણમાં અઢાર પ્રકારની સિધ્ધિ બતાવવામાં આવી છે.

૧. અણિમા, ૨. લઘિમા, ૩. પ્રાપ્તિ, ૪. પ્રકામ્ય, ૫. મહિમા, ૬. વિશિત્વ, ૭. સર્વકામ, ૮. સર્વરીત્વ ૯. દુર શ્રવણ, ૧૦. પરકાયા, ૧૧. વાકસિધ્ધિ, ૧૨. કલ્પવૃક્ષત્વ, ૧૩, સુષ્ટિ, ૧૪. સંહાર, ૧૫. અમરત્વ, ૧૬. સર્વન્યાયકત્વ, ૧૭, ભાવના, ૧૮. સિધ્ધિ,

મા સિધ્ધિદાત્રી ભક્તો અને સાધકોને આ બધી જ પ્રકારની સિધ્ધિ આપવાનું સામર્થ ધરાવે છે . દેવી પુરાણ પ્રમાણે ભગવાન શિવને માતાજીની કૃપાથી સિધ્ધિ પ્રામ થઈ હતી . મહાદેવજી નું સ્વરૂપ અર્ધનારીશ્વર ના રૂપમાં પ્રખ્યાત થયા માતાજી સિધ્ધિદાત્રીનું પૂજન અને ઉપાસના કરવાથી પરમ શક્તિની પ્રાપ્તી થાય છે અને અમૃત તત્વની પ્રાપ્તી થાય છે.

મંત્રઃ- ઓમ હ્રીં ક્રીં સિધ્ધિયે નમઃ

નૈવેદ્યઃ માતાજીને હલવો પુરી ખીર અર્પણ કરવા ગરીબોને ભોજન કરાવું.

ગરબો પધરાવવા માટેના શુભ દિવસની યાદી

દર વર્ષે દશેરાના દિવસે ગરબો પધરાવવાનો હોય છે પરંતુ આ વર્ષે દશેરા મંગળવારે આવતા હોવાથી ગુજરાત મા રિવાજ પ્રમાણે મંગળવારે માતાજીને વિદાય અપાતી નથી આથી ગરબો પધરાવા માટેનો શુભ દિવસ આસો શુદ અગિયારસને બુધવાર અથવા તો ગુરૂવારે બારસના દિવસે ગરબો પધરાવી શકાશે ગરબો બંને દિવસ ગરબો પધરાવવા માટે સારા છે મંદિરે અથવા તો નદીના વહેતા પાણી મા ગરબો પધરાવો

આ વાત ખાસ યાદ રાખવી મંગળવારે દશેરાને દિવસે સાંજે પણ ગરબા માં દીવો ખાસ કરવો

ગરબો પધરાવવા મા પંચક દોષ નડતો નથી ખોટી અફવા ફેલાવી નહીં અને ખોટા વહેમમા પડવું નહીં શ્રદ્ધા રાખવી વિશ્વાસથી કામ કરવું.

શાસ્ત્રી રાજદીપ જોશી વેદાંત રત્ન

રાજકોટ બસ પોર્ટથી હીરાસર એરપોર્ટ માટે ઈલેક્ટ્રીક બસ શરૂ કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

મુસાફરોની સુવિધા અર્થે રાજકોટ બસ પોર્ટથી રાજકોટ ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ એરપોર્ટ હીરાસર જવા આવવા માટે તા.૧૦/૯ થી રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા નવીન ઇલેક્ટ્રીક બસ સર્વિસ શરૂ કરવામાં આવી છે, જે બસનું ભાડું રૂ ૧૦૦ નક્કી કરવામાં આવેલ છે. રાજકોટ બસ પોર્ટથી હીરાસર એરપોર્ટ માટે બસ ૬.૦૦ ,૮.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧૩.૦૦, ૧૫.૦૦, ૧૭.૦૦ અને ૧૯.૦૦ કલાકે નીકળશે અને હીરાસર એરપોર્ટથી રાજકોટ બસપોર્ટ માટે બસ ૭.૦૦, ૯.૦૦, ૧૧.૦૦, ૧૩.૦૦, ૧૪.૦૦, ૧૬.૦૦, ૧૮.૦૦, ૨૦.૦૦ કલાકે નીકળશે. આ ઈલેક્ટ્રીક બસ ફુલી એ.સી.થી સુસજ્જ છે. તેમાં આરામદાયક સીટીંગ વ્યવસ્થા અને બસનું સંપૂર્ણપણે ઘોંઘાટરહિત સંચાલન થાય છે.પ્રદૂષણમુક્ત ઇલેક્ટ્રિક બસની સેવાઓનો સર્વે મુસાફરોને લાભ લેવા વિભાગીય નિયામક એસ.ટી. રાજકોટની યાદી દ્વારા જણાવાયું છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

રઘુવંશી યુવા શક્તિ સંઘ દ્વારા 'તૃતીય શસ્ત્ર પૂજા મહોત્સવ-૨૦૨૩ નું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

દશેરા એટલે કે અધર્મ પર ધર્મના વિજયનું પર્વના પવિત્ર દિવસ નિમિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટ શહેરમાં શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ દ્વારા રઘુવંશી સમાજના લોકો માટે તા.૨૪ ઓકટોબરના સવારે ૯ વાગ્યા થી ધર્મનગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી ગ્રાઉન્ડ '', ધર્મનગર સોસાયટી મુખ્ય માર્ગ ૦૨, દ્વારિકા પ્રાઇડ કોમ્પ્લેક્ષ ની બાજુ વાળી શેરી, એચ.પી. પેટ્રોલપંપની પેહલા, ૧૫૦ ફિટ રિંગ રોડ, રામાપીર ચોક, ગાંધીગ્રામ ખાતે ''શસ્ત્ર પૂજા'' નું આયોજન કરવામાં આવેલ છે.

'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની મુલાકાતે આવેલા સંગઠનના સચિવ બિરેનભાઈ જોબનપુત્રા, સભ્ય મિહીરભાઈ સોમૈયા, જીગ્નેશભાઈ પોપટ, કશ્યપભાઈ તસવીરમાં નજરે પડે છે.

સંગઠન ના આગેવાનોએ જણાવતા કહ્યું હતું કે રઘુવંશી સમાજ એ શ્રી રામચંદ્ર જી ના વંશજો કહેવાય છે. અને આ કુળમાં અનેક યોદ્ધાઓ અવતાર પામ્યા છે જેમકે રાણા જશરાજ જી, દાદા મેઘજી વગેરે કે જેઓએ ગૌ રક્ષા, ધર્મ રક્ષા કે સ્ત્રી રક્ષા માટે બલિદાનો આપ્યા છે.સંગઠન દ્વારા દર વર્ષે આ મોહત્સવનું આયોજન ખૂબ જ ધૂમધામથી કરવામાં આવી રહ્યું છે.અને મોટી સંખ્યામાં સમાજના યુવાનો જોડાઈ રહ્યા છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ ના ગુજરાત પ્રમુખ કે.ડી રઘુવંશી, ગુ.પ્રભારી ઠા.કુલદીપ રઘુવંશી, રાજકોટ પ્રમુખ ઠા. પ્રિન્સ રઘુવંશી, સૌ.પ્રમુખ પાર્થ જોબનપુત્રા, કાનૂની સલાહકાર ઠા.જ્યભારત ધામેચા, ગુ. ઉપપ્રમુખ ઠા.મોહિત સવાણી, મોરબી જિલ્લા પ્રમુખ ઠા. પ્રતિક રાંછ, મોરબી જિલ્લા ઉપપ્રમુખ ઠા, રક્ષિત પૂજારા તેમજ સંગઠનની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યું છે.

ક્ષત્રિય રાજપૂત સમાજ તથા ક્ષત્રિય કરણી સેના પરિવાર દ્વારા

વિજયા દશમી શસ્ત્ર પૂજન અને વીરાંજલી શહિદી વંદના યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

રાજકોટ ખાતે આગામી વિજયા દશમી નિમિતે શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ તથા શ્રી ક્ષત્રિય કરણી સેના પરિવાર દ્વારા દશેરા નિમિતે પરંપરાગત વિજયા દશમી શસ્ત્ર પૂજન તથા વીરાંજલી શહીદી વંદના યોજાશે. શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા યોજાતા પરંપરાગત શસ્ત્ર પૂજન તથા વીરાંજલી શહીદી વંદનામાં ભારત દેશ ની સીમા સરહદ સાચવતા જે વીર શહીદો વીરગતિને પામ્યા છે એમને પુષ્પાંજલી વિરાંજલી અપાશે.

શસ્ત્ર પૂજન કાર્યક્રમ તા.૨૪-૧૦ મંગળવારના રોજ બપોર પછીના સમયે ૪ કલાકે શ્રી રામનાથપરા ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ વાડી, રામનાથપરા શેરી નં ૧૨ ખાતે યોજાશે. રાજકોટ શહેર તથા જિલ્લાના સર્વે ક્ષત્રિય રાજપૂત બંધુઓને પધારવા શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ, શ્રી ક્ષત્રિય કરણી સેના પરિવાર તથા શ્રી રામનાથપરા ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ દ્વારા આહવાન અને હાર્દિક આમંત્રણ છે. તેમ જણાવ્યું છે.

ચાવંડ પાસે કાર-ટ્રક વચ્ચે અકસ્માત થતા ૭ માસના બાળકનું મોત

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૧ : લાઠી તાલુકાનાં ચાવંડ ગામે રહેતા અને ડ્રાઈવીંગનો વ્યવસાય કરતાં સુરેશભાઈ પ્રવિણભાઈ નાવડીયા ગત તા.૧૮ નાં રોજ રાત્રીનાં સમયે પોતાના પરિવાર સાથે ચાવંડથી લાઠી તરફ જતા હતા. ત્યારે પોતાના હવાલાવાળીકાર લાઠી રોડે ચડતા જ સામેથી આવી રહેલ એક અજાણ્યા ટ્રક ચાલકે રોંગ સાઈડમાંથી આવી કારને હડફેટે લેતા કારમાં બેઠેલા કાર ચાલકનાં ૭ માસનાં દીકરાને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજયાની ફરિયાદ લાઠી પોલીસમાં નોંધાઈ છે.

અમરેલીમાં કારનાં વેપારીનું માર્કેટયાર્ડ નજીક માર્ગ અકસ્માતમાં મોત

અમરેલી નજીક ધડાકાભેર કાર સાથે ટ્રક અથડાતા કારનો બુકડો બોલી ગયો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં રોજબરોજ નાના-મોટા અકસ્માત થતાં રહે છે. ત્યારે ગઈકાલે સાંજના સમયે અમરેલી નજીક સાવરકુંડલા રોડ ઉપર આવેલ ચકકરગઢના પાટીયા પાસે એક કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા કાર ચાલક યુવકનું ગંભીર ઈજાથી ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. આ અકસ્માતમાં આશાસ્પદ યુવકનાં મોતથી અમરેલીમાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી જાણવા મળતી વિગતમુજબ અમરેલીનાં ચિતલ રોડ ઉપર આવેલ અવધ રેસીડેન્સીમાં રહેતા અને લાઠી રોડ ઉપર કાર લે-વેચનો વ્યવસાય કરતાં તેજશભાઈ જગદીશચંદ્ર ભટ્ટ નામનાં ૪૨ વર્ષિય યુવક પોતાના કાર નં. જી.જે.-૦૩ જેઆર પ૬૦૧ લઈ અને અમરેલી નજીક આવેલ સાવરકુંડલા રોડ ઉપર ચકકરગઢના પાટીયા પાસેથી પસાર થતા હતા ત્યારે સામેથી આવી રહેલ એક ટ્રક નં. જી.જે. ૦૪ ડબલ્યુ પ૮પ૩ નાં ચાલકે આ કારને હડફેટે લેતા કારનાં કુરચા ઉડી ગયા હતા. ત્યારે આ કાર ચાલક તેજસભાઈને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

આ બનાવ અંગે કોઈ કે એમ્બ્યુલન્સ ૧૦૮ને ફોન દ્વારા જાણ કરતાં અમરેલી સીટીનાં મહેશભાઈ સોલંકી તથા ૧૦૮નાં સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ઘવાયેલ યુવકને અમરેલી સરકારી દવાખાને ખસેડતા ફરજ પરનાં તબીબે તેજસભાઈ ભટ્ટને મૃત જાહેર કરતાં ભારે અરેરાટી ફેલાય જવા પામી છે. ત્યારે પોલીસ બનાવ અંગે આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરવા તજવીજ હાથ ધરી છે.

સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧ઃ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૨૦/૧૦ ના રોજ આવકાર હેરીટેજ, સેટેલાઇટ ચોક, મોરબી રોડ, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૩૦ થી ૩૫ રહેવાસીઓ જોડાયેલ. આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

PACKAGINGHUB
प्रोडकट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

વિ.હી.પ. - બજરંગદળ - દુર્ગાવાહીની રાજકોટ મહાનગરના સંયુકત ઉપક્રમે

દશેરા નિમીતે ભવ્ય, રંગબેરંગી ધમાકેદાર આતશબાજી યોજાશે

તસવીરઃ દિલીપ ગોહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

વિજયાદશમીનું પર્વ એટલે આશુરી શક્તિનો નાશ વિ.હિ.પ. - બજરંગદળ - દુર્ગાવાહીની દ્વારા વર્ષોથી રાક્ષસદહન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તેમજ આ વર્ષે સમગ્ર ગુજરાતમાંથી રાજકોટમાં સૌથી ઉચામાં ઉચા રાક્ષસ રૂપી રાવણના પુતળા બની રહયાં છે. આગામી તા.૨૪/૧૦ને મંગળવારના રોજ રેસકોર્ષ મેદાન ખાતે સાંજે ૭ કલાકે રાક્ષસોના ૩ પુતળાનું દહન કરાશે તથા ભવ્ય આતશબાજી કરવામાં આવશે.

રાક્ષસ રૂપી રાવણ દહન વખતે અવનવા રંગબેરંગી પ્રકારના ફટાકડાઓની આતશબાજીથી કાર્યક્રમ સ્થળે આકાશમાં નયન રમ્ય રંગોળી રચાશે. આ વર્ષે ખાસ શીવાકાશી તામીલનાડુથી મંગાવવામાં આવેલ ફટાકડાની અવનવી વેરાયટીઓ જેવી કે ૨૬૨ રંગીન ફેન્સી શોટ, ૨૨૫ રંગીન મલ્ટી મ્યુઝીક લાઈટ શોટ, ૧૨૦ મ્યુઝીકલ કલર શોટ, ૧૦૦ મલ્ટી મ્યુઝીકલ કલર શોટ, ૧૦૦ કલરફુલ શોટ, ૭૫ મ્યુઝીકલ ફેન્સી કલર શોટ, ૫૦ ફેન્સી સાયરીંગ મ્યુઝીક શોટ તેમજ ૨૫૦૦ ફુટ ઉચાઈએ ફુટી શકે એવા હેવી શોટ જેમાં મીરચી હેવી શોટ, થોર આતશબાજી શોટ, મલ્ટી મીક્સ આતશબાજી, રેડ સાવર, ગ્રીન સાવર, રેડ હેવી શોટ, બેડ સ્ટ્રીટ બોય હેવી શોટ, એન્જલ શોટ, પંટર સ્ટ્રોમ, સ્કાય ફલોર, કેપેસીનો, ગોલ્ડ સ્ટાર, બાસ્કેટ બોલ, પોપઅપ કેન્ડી, સીલ્વર કેન્ડી, ઓરેન્જ કેન્ડી, ગ્રીન કેન્ડી, સીલ્વર કેન્ડી, બઝી મ્યુઝીક, ગોલ્ડન રસ, કલરપીન, જોર ડયુલક્સ, લકકી ડ્રોપસ, ગ્રાન્ડ માસ્ટર, રેડ રીવેરી, ક્રિસ્ટોન હેવી શોટ, ગદર ફલાય શોટ, તિરંગાના કલર રચતા સ્કાય શોટસ વિગેરે ની આતશબાજી જોઈને બાળકો સહિત મોટેરા તમામ પુલકીત થઈને ઉઠશે. બાળકોની ઉત્સાહભરી કીલકારીઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠશે. દર વર્ષે પ્રજાજનો સ્વયંભૂ રીતે જ પૂતળાદહન અને આતશબાજી જોવા માટે ઉમટી પડે છે. તેમજ આ વર્ષે લેસર લાઈટ શોના અદભૂત દ્રશ્યો જેમાં ફોગીગ દ્વારા લેસર શો કરવામાં આવશે. તેમજ આતશબાજી અને લેસર શોનું કોમ્બીનેશન કરી આ લેસર શો યોજાશે.

તેવુ વિ.હિ.પ. સૌરાષ્ટ્ર પ્રાંતના નિતેશભાઈ કથીરીયાની યાદીમાં જણાવ્યું છે.

શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા વોર્ડવાઇઝ મહિલા મોરચાના પ્રમુખ,મહામંત્રી અને શહેર કારોબારીની નવી ટીમ જાહેર કરતા કિરણબેન માકડીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)
રાજકોટ,તા.૨૧

પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્ર સિંહ ઝાલા તેમજ શહેર ભાજપ મહિલા મોરચા પ્રભારી ડો.ઉવર્શીબેન પંડયા સાથે શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલે વિચાર વિમર્શ કરી શહેર ભાજપની વોર્ડવાઇઝ મહિલા મોરચાની વોર્ડ વાઇઝ પ્રમુખ, મહામંત્રી અને શહેર કારોબારીની ટીમ જાહેર કરેલ છે.ત્યારે આ વરણીને શહેર ભાજપ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ડો. ભરતભાઈ બોઘરા, બીનાબેન આચાર્ય, ઉદય કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, નયનાબેન પેઢડીયા, કમલેશ મીરાણી, અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સાથે શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી અભિનંદન પાઠવ્યા છે. તેમજ વોર્ડવાઇઝ પ્રમુખ, મહામંત્રી તેમજ શહેર કારોબારીના નામ નીચે મુજબ છે. વોર્ડનં. જવાબદારી નામ ૧.પ્રમુખ જયોતીબેન હીંગુ, મહામંત્રી હર્ષાબા જાડેજા શહેર કારોબારી અંજનાબેન મોરઝરીયા, ૨.પ્રમુખ પલ્લવીબેન ચૌહાણ મહામંત્રી ભાવનાબેન ચતવાણી, શહેર કારોબારી ભારતીબેન લાઠીયા, ૩. પ્રમુખ હિનાબા ગોહેલ, મહામંત્રી સોનલબેન આહીર, શહેર કારોબારી ડેબા સાયદાબેન, ૪.પ્રમુખ રાજેશ્રીબેન માલવીયા, મહામંત્રી લીલાબેન ગજેરા, શહેર કારોબારી વર્ષાબેન વાળા,૫ પ્રમુખ રમાબેન ગોહીલ, મહામંત્રી લાભુબેન માંગરોળીયા, શહેર કારોબારી રમાબેન રાઠોડ, ૬.પ્રમુખ નજમાબેન પઠાણ, મહામંત્રી ગીતાબેન સોનારા, શહેર કારોબારી હિનાબેન રાતોજા, ૭.પ્રમુખ કોમલબેન કારીયા, મહામંત્રી જયશ્રીબેન મહેતા, શહેર કારોબારી જયોત્સનાબેન રાઘવાણી, ૮.પ્રમુખ રીટાબેન સખીયા, મહામંત્રી શોભનાબેન સોમૈયા,શહેર કારોબારી ચંદાબેન પટેલ (ખાંટ),૯ પ્રમુખ રક્ષાબેન વાયડા,મહામંત્રી અરૂણાબેન પરમાર,શહેર કારોબારી ચેતનાબેન શાહ, ૧૦ પ્રમુખ મયુરીબેન ભાલાળા, મહામંત્રી મેઘાબેન વૈશ્નવ, શહેર કારોબારી સંગીતાબેન વૈશ્નવ, ૧૧.પ્રમુખ રાધિકાબેન ગિણોયા, મહામંત્રી માલતીબેન સાતા, શહેર કારોબારી જાગૃતિબેન હુડકા, ૧૨. પ્રમુખ ગીતાબેન શીશાંગીયા, મહામંત્રી અલ્પાબેન જાદવ, શહેર કારોબારી કોમલબેન જાવીયા, ૧૩.પ્રમુખ નયનાબેન ગોહેલ, મહામંત્રી જયોતીબેન પંડયા,શહેર કારોબારી લીલીબેન ભેરી, ૧૪.પ્રમુખ ધર્મિષ્ઠાબેન વાઘેલા, મહામંત્રી દિપાલીબેન વોરા, શહેર કારોબારી હીનાબેન પટેલ, ૧૫.પ્રમુખ સંગીતાબેન પેઢડીયા, મહામંત્રી જયાબેન સોલંકી, શહેર કારોબારી લીલાબેન કુમારખાણીયા, ૧૬.પ્રમુખ હેતલબેન ડાંગર, મહામંત્રી મનીષાબેન ગોહેલ, શહેર કારોબારી ભાવનાબેન કાચા, ૧૭.પ્રમુખ ઈલાબેન સરવૈયા, મહામંત્રી હંસાબેન વિરાણી, શહેર કારોબારી ગીતાબેન પરમાર, ૧૮.પ્રમુખ વર્ષાબેન સભાયા, મહામંત્રી સોનલબેન સોમૈયા, શહેર કારોબારી કનકબા સોઢા

આવકના પ્રમાણમાં અપ્રમાણસર મિલ્કત ધારણ કરનાર વર્ગ-૧ ના કર્મચારીને ત્રણ વર્ષની સખ્ત કેદની સજા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

વર્ષ ૧૯૭૯ માં વર્ગ-૨ ના કર્મચારી તરીકે નોકરીમાં દાખલ થયેલ પરશોતમભાઈ રૈયાણી અંગે ભ્રષ્ટાચાર નિવારણ બ્યુરોના નાયબ નિયામક ટી. એન. ઠાકોરને વર્ષ ૨૦૦૬ માં માહિતી મળી કે વર્ગ-૧ માં બઢતી પામેલ પરશોતમભાઈ રૈયાણી પાસે તેમની આવકના પ્રમાણમાં ઘણી વધુ મિલ્કતો ખરીદ કરેલ છે. આ માહિતી મળતા ટી.એન. ઠાકોરે પ્રાથમિક તપાસ કરેલ જે દરમ્યાન તેઓને જણાયેલ કે વર્ષ ૨૦૦૪ સુધીમાં આ કર્મચારીએ ૩૯ લાખની કિંમતની સ્થાવર તથા જંગમ મિલ્કતો આવક કરતા વધુ પ્રમાણમાં વસાવેલ છે. આથી તેઓએ ફરીયાદી બની આગળની તપાસ એ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેકટર કે. એમ. વઝને સોંપેલ જેઓએ પોતાની ફરજ દરમ્યાન પરશોતમ રૈયાણી પાસે આવક કરતા ૩૭ લાખની કિંમતની વધુ મિલ્કતો પોતાના તથા પોતાના પત્નિ અને પુત્રના નામે વસાવેલ છે. આ મુજબની તપાસના અંતે તેઓએ પરશોતમ રૈયાણી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ હતુ.

બચાવ પક્ષે પોતાના બચાવમાં જણાવેલ હતુ કે તેમના પત્નિ અને પુત્ર બન્ને સ્વતંત્ર આવક ધરાવે છે તેથી તેઓના નામે જે સ્થાવર અને જંગમ મિલ્કતો ખરીદવામાં આવેલ છે તે આરોપી પરશોતમભાઈ રૈયાણીની આવકમાંથી ખરીદ કરેલ હોવાનું કહી શકાય નહીં. આ ઉપરાંત અમુક સ્થાવર મિલ્કતોના ફકત સાટાખત થયેલ છે જે મિલ્કતોના રજીસ્ટર દસ્તાવેજો થયેલ નથી. આવી મિલ્કતોને પણ આરોપીએ વસાવેલ મિલ્કતમાં ગણી શકાય નહીં.

સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજુઆત કરેલ હતી કે એ.સી.બી. કચેરી દ્વારા આરોપી વિરૂધ્ધ જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે તેમાં આરોપી પરશોતમ રૈયાણીના પત્નિ અને પુત્રના નામે વસાવાયેલ મિલ્કતોના દસ્તાવેજો પણ રજુ રાખવામાં આવેલ છે. આ રીતે આરોપીને પ્રથમથી જ જાણ છે કે તેમની સામેના કેસમાં તેમના પત્નિ અને પુત્રની મિલ્કતનો પણ સમાવેશ કરાયેલ છે. આ સંજોગોમાં આરોપી પરશોતમ રૈયાણીએ તેમના પત્નિ અને પુત્ર સ્વતંત્ર આવક ધરાવતા હતા અને તેઓના નામની મિલ્કતોના અવેજની કિંમત તેઓએ જ ચુકવેલ છે તે દર્શાવવા માટે આરોપી પરશોતમભાઈએ પત્નિ અને પુત્રના આવકના દસ્તાવેજો રજુ કરવા જોઈતા હતા. સરકાર તરફેની આ રજુઆતોના અંતે ખાસ અદાલતે આરોપી પરશોતમ લાધાભાઈ રૈયાણીને તકસીરવાન ઠરાવી ત્રણ વર્ષની સખ્ત કેદની સજા અને રૂપીયા એક લાખનો દંડ ફરમાવેલ છે.

આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે.વોરા રોકાયેલ હતા.

21st OCTOBER-2023
POLICE COMMEMORATION DAY

વીર પોલીસ શહીદોએ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ અદા કરતા પ્રાણ ન્યોછાવર કર્યા તેમની શહાદતને શત્ શત્ નમન...

રાજુ ભાર્ગવ
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

વિધિ ચૌધરી
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક અને કાઇમ રાજકોટ શહેર

સુધીરકુમાર દેસાઇ
નાયબ પોલીસ કમિશ્નર
ઝોન - ૨ રાજકોટ શહેર

ડો. પાર્થરાજસિંહ ગોહિલ
નાયબ પોલીસ કમિશ્નર
કાઇમ રાજકોટ શહેર

સજનસિંહ પરમાર
નાયબ પોલીસ કમિશ્નર
ઝોન - ૧ રાજકોટ શહેર

પુજા યાદવ
નાયબ પોલીસ કમિશ્નર
ટ્રાફિક રાજકોટ શહેર

રાજકોટ શહેર પોલીસ

એસ.ટી.ના કર્મચારીઓનું સોમવારથી આંદોલન, ૨ નવેમ્બરે બેમુદતી હડતાળ

દિવાળીના તહેવાર પૂર્વે જ ૧૯ પડતર પ્રશ્નને આંદોલનની જાહેરાતઃ રાજકોટ સહિત રાજયભરના એસ.ટી. નિગમ આગેવાનોની અમદાવાદમાં મીટીંગઃ બાદમાં લડત ચાલુ કરાશે

રાજકોટ તા. ૨૧ :

રાજકોટ સહિત રાજ્યના એસ.ટી. વિભાગના તમામ કર્મચારીઓએ ૧૯ પડતર પ્રશ્નો અંગે આંદોલનની જાહેરાત કરી છે. દિવાળીના તહેવાર પૂર્વે બેમુદત હડતાળની જાહેરાત કરતા લોકોની સાથે સરકારની મુશ્કેલી વધી છે. ૨૩મીથી એસ.ટી.ના કર્મચારીઓ આંદોલન શરૂ કરશે અને ૨ નવેમ્બરથી બેમુદતી હડતાળ પર ઉતરશે.

સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશન, એસ.ટી. કર્મચારી મંડળ અને એસ.ટી. મઝદૂર સંઘ સંયુક્ત રીતે આંદોલનની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ૨૩ મીએ આંદોલન શરૂ થશે અને કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે.

આગામી ૨૪મીએ મુખ્યમંત્રી, વાહનવ્યહાર મંત્રીને કર્મચારીઓ એસએમએસ તથા સોશિયલ માધ્યમથી રજૂઆત કરશે. આગામી તારીખ ૨૫, ૨૬ અને ૨૭ ઓક્ટોબરના તમામ કર્મચારીઓ પોતાની કચેરી બહાર નીકળી

સૂત્રોચ્ચાર કરશે. તા. ૨૮ ઓક્ટોબરથી ચાર દિવસ કર્મચારીઓ કાળા વસ્ત્રો પહેરી ફરજ બજાવશે. જ્યારે ૨ નવેમ્બર રાત્રે ૧૨ વાગ્યાથી તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે. રાજકોટ એસ.ટી. યુનિયનના આગેવાનએ જણાવ્યું હતું કે, ત્રણેય ઝોનના પ્રમુખની અમદાવાદ ખાતે ગીતા મંદિર ખાતે બેઠક રાખવામા આવી છે અને આંદોલનને સફળ બનાવવા આયોજન થશે. રાજયના એસટી મેનેજમેન્ટે તથા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી કે અધિકારીઓએ અગાઉ કરાયેલ લડતના એલાન અને પડતર પ્રશ્નો અંગે નહિ બોલાવતા, મંત્રણા નહી કરતા આખરે રાજકોટ સહિત રાજયભરના એસટીના હજારો કર્મચારીઓ ફરી આંદોલનના માર્ગે આવી ગયા છે, લડત ફાઈનલ કરી લીધી છે.

આ સંદર્ભે યુનિયન આગેવાનોમાંથી મળતી વિગતો મુજબ તા. ૨૩ થી આંદોલન શરૂ થશે. જેમાં તા. ૨૩ મીએ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવાશે, બાદમાં સૂત્રોચ્ચાર - દેખાવો- ડેપો-ડીવીઝન કચેરીએ ધરણા-આવેદનો અપાશે, અને ત્યારબાદ પણ જો નિવેડો નહી આવે તો રાજયભરના એસટી હજજારો કર્મચારીઓ તા. ૨ નવેમ્બરથી મધ રાત્રે ૧૨ વાગ્યાથી બેમૂદતી હડતાલ ઉપર ઉતરી જશે, દિવાળીના તહેવારો આવી રહ્યા છે, ત્યારે જ કર્મચારીઓ હડતાલ ઉપર જનાર હોય મેનેજમેન્ટ પણ મુંઝવણમાં મૂકાયું છે.

એસટી નિગમના કર્મચારીઓના પ્રશ્નોમાં ૪ ટકા મોંઘવારી ભથ્થુ બાકી છે તો, ફીકસ પગારના કર્મચારીઓને ૧૯૯૫૦ નો લાભ આપવા, એરીયર્સની ૨૬મ ૩ ને બદલે ૧ હપ્તામાં આપવા, ૨૦૨૨ નું બોનસ, સહિત કુલ ૧૯ પડતર માંગણીઓ અંગે આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર થઇ રહ્યો છે.

યુનિયન આગેવાનોએ જણાવેલ કે હડતાલની તારીખ અંગે કાગળો ફાઇનલ કરી લેવાયા છે, અમદાવાદમાં મળનાર મીટીંગમાં આખરી ઓપ અપાશે.

અનેક વિવાદો બાદ ઈન્ચાર્જ કુલપતિપદેથી ડો.ભીમાણી દુરઃ ડો.નિલાંબરીબેનને ફરી હવાલો

રાજકોટ,તા.૨૧ :

અનેક વિવાદો બાદ સૌરાષ્ટ્ર યુનિ.ના ઈન્ચાર્જ કુલપતિ પદેથી ડો.ગીરીશ ભીમાણીને દુર કરવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા ઈન્ચાર્જ કુલપતિનો હવાલો ફરી ડો. નિલાબરીબેન દવેને સોંપવામાં તેઓએ ચાર્જ સંભાળી લીધો છે. અહીંએ ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર યુનિ.ના ઈન્ચાર્જ કુલપતિના ડો. ગીરીશ ભીમાણીના પોણા બે વર્ષના કાર્યકાળ દરમિયાન તેમની કામગીરી વિવાદાસ્પદ રહી હતી.

આ મામલે અનેક વખત મુખ્યમંત્રી, રાજયપાલ, અને રાજય સરકારમાં વારંવાર ફરિયાદો પહોંચી હતી. જેમાં જામનગરની કોલેજનું પરીક્ષાચોરી કૌભાંડ, નિયમ વિરૂદ્ધ અધ્યાપકોની ભરતી, પેપર લીંક પ્રકરણ,સેનેટની ચૂંટણી વિલંબમાં નાંખી જુના જોગીઓને ઘરભેગા કરવા પ્રોફેસર ડો.કલાધર આર્ય અને મનોજ જોશીને સસ્પેન્ડ કરવા સહિતના પ્રકરણો ઉચ્ચ શિક્ષણ જગતમાં ચર્ચાના ચગડોળે ચડયા હતાં. ઈન્ચાર્જ કુલપતિના ડો.ભીમાણીના પોણા બે વર્ષના વિવાદી કાર્યકાળ દરમિયાન તેમની સામે કાનુની દાવો પણ મંડાયો હતો. અનેક વિવાદો બાદ અંતે રાજયના શિક્ષણ વિભાગ દ્વારા કાર્યકારી કુલપતિ પદેથી ડો.ગીરીશ ભીમાણીની રવાનગી કરી તેમના સ્થાને ઈન્ચાર્જ કુલપતિ તરીકે યુનિ.ના હોમ સાયન્સ ભવનના વડા ડો.નિલાબરીબેન દવેની નિમણુંક કરાયેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે યુનિ.ના કાર્યકારી કુલપતિ તરીકે અગાઉ પણ ડો.નિલાબરીબેન દવે આઠ માસ સુધી ફરજ ચુકયા છે. નિલાબરીબેન દવેના પતિ પણ છતીસગઢની સેન્ટ્રલ યુનિમા કુલપતિ તરીકે ફરજ બજાવી રહ્યા છે. ગઈકાલે મોડી સાંજે શિક્ષણ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર ઈન્ચાર્જ કુલપતિ પદેથી ડો.ભીમાણીની રવાનગી કરી તેમનો ચાર્જ ડો. નિલાબરીબેન દવેને સોંપવા ઈ-મેઈલ કરી આદેશ કરતા નિલાંમ્બરી બેન દવેએ ઈન્ચાર્જ કુલપતિનો ચાર્જ વિધીવત ટીમે સંભાવી લીધો છે.

જંત્રી દરમાં હજુ વધારાના ડોઝ માટે તૈયારીઃ રાજકોટમાં સર્વે કામગીરી પૂર્ણતાના આરે

શહેરી તેમજ રૂડાના ગામડાઓમાં ચાર દિવસમાં જ સર્વે થશે પૂર્ણ, કલેક્ટર કામગીરીની સમિક્ષા કરી સરકારને કરશે રિપોર્ટ

રાજકોટ, તા.૨૧

રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિત રાજ્યભરમાં ડબલજંત્રી દર લાગુ કરી દેવાયા બાદ જંત્રી સર્વેની આરંભાયેલી કામગીરી હવે આખરી તબક્કામાં પહોંચી જવા પામેલ છે.

જેમાં રાજકોટ શહેર અને રૂડા વિસ્તારમાં જંત્રી સર્વે માટે હાલ ચાલી રહેલી કામગીરી પૂર્ણતાના આરે પહોંચી જવા પામી છે. જંત્રી દરમાં હજુ વધારાનો ડોઝ માટે દરખાસ્ત કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા દિપાવલી અને નૂતનવર્ષના તહેવારો બાદ આ અંગેની જાહેરાત કરવામાં આવે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લાના ૫૯૬ ગામડાઓમાં

અગાઉ ૩૦૦ જેટલી ટીમો દ્વારા જંત્રી સર્વેની કામગીરી કરી કલેકટતંત્ર દ્વારા રાજ્ય સરકારને રિપોર્ટ કરી દેવામાં આવેલ હતો.

જે બાદ જિલ્લાના છ નગરપાલિકા વિસ્તારમાં પણ આ જંત્રી રિ-સર્વની કામગીરી કરવામાં આવી હતી. ત્યાર પછી રાજકોટ શહેરી વિસ્તાર અને રૂડા વિસ્તારમાં જંત્રી સર્વે માટે ૪૪ ટીમો કામે લગાડવામાં આવી હતી. રાજકોટ શહેરી વિસ્તારમાં આગામી ચાર દિવસમાં જ આ જંત્રી રી-સર્વની કામગીરી પૂર્ણ થનાર છે.

રાજકોટ શહેરી વિસ્તાર અને રૂડાના ગામડાઓમાં આ જંત્રી સર્વની કામગીરી આગામી ચાર દિવસમાં પૂર્ણ થયા બાદ આ સર્વે કરનારી ટીમો દ્વારા પોતાનો અહેવાલ પ્રાંત અધિકારીઓ અને કલેકટરને સુપ્રત કરશે.

ત્યારબાદ કલેકટર રિવ્યુ કરી આ અંગેનો અહેવાલ રાજ્ય સરકારના મહેસુલ વિભાગને સુપ્રત કરશે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે રાજ્યમાં વર્ષ-૨૦૧૧માં સર્વે બાદ જંત્રી સર્વે બાદ જંત્રી દર લાગુ કરયા બાદ રાજય સરકાર દ્વારા એપ્રિલ-૨૦૨૩માં જંત્રીના ડબલ દર ઝીંકી વધારો લાગુ કરાયો હતો.

જે બાદ રાજ્યભરમાં સર્વે કામગીરી આરંભાયેલ હતી જે હવે આખરી તબક્કામાં પહોંચી ગયેલ છે. જંત્રી સર્વે પૂર્ણ થયા બાદ દિપાવલીના લાગુ કરાયો હતો. જે બાદ રાજ્યભરમાં સર્વે કામગીરી આરંભાયેલ હતી જે હવે આખરી તબક્કામાં પહોંચી ગયેલ છે. જંત્રી સર્વે પૂર્ણ થયા બાદ દિપાવલીના બાદ જંત્રી દરમાં હજુ વધારાનો ડોઝ લાગુ કરવા માટે દરખાસ્ત રજૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

કેશોદ સજજડ બંધ : વેપારીઓ કાળઝાળ

ગાદોઇ ટોલનાકાના ટેકસના વિરોધમાં તમામ બજારો બંધ : મુકિતની માંગણી

કેશોદ, તા. ૨૧

કેશોદ શહેરના વેપારીઓએ ગાદોઇ ટોલનાકાના ટોલ ટેક્સના વિરૂધ્ધ આજે સક્રઙ બંધ પાળ્યો છે. કેશોદના જાગૃત નાગરિકો દ્વારા ટોલ ટેક્સના વિરોધમાં આજે કેશોદ બંધનું એલાન આપ્યું હતું તેના અનુસંધાને કેશોદની વ્યાપારી સંગઠનોએ આ બંધના એલાનને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. જેને ધ્યાનમાં રાખી આજે સવારથી જ કેશોદની તમામ બજારો બંધ રહ્યાનું જાણવા મળે છે.

ગાદોઇ ટોલનાકા અંગે જાગૃત નાગરિક હરસુખભાઈ દ્વારા લોકોને જાગૃત કરાયા હતા અને વખતો વખતની સાંસદને આ ટોલનાકાના



પ્રશ્ને જાગૃત નાગરિકની રજૂઆત બાદ પણ કોઈ આ પ્રશ્ને નિરાકરણ નહી આવતાં આ મુદે જાગૃત નાગરિકો દ્વારા કેશોદ બંધ રાખી કેશોદને ટોલનાકામાંથી મુક્તિ આપવામાં આવે તેવી માંગ સાથે સક્રઙ વિરોધ કરવામાં આવ્યો હતો.

તો બીજી તરફ આ તકે જાગૃત નાગરિકો દ્વારા સાંસદ લોકોને આપેલા ચુંટણી સમયનું વચન પાળી બતાવે તેમ અંતમાં જણાવ્યું હતું.

દિવાળી વેકેશનમાં ઉત્તર-દક્ષિણ ભારત સહિતની તમામ ટ્રેનો ફુલઃ મોટું વેઈટીંગ

જમ્મુ-કાશ્મીર, હરીદ્વાર, ગોવા, રામેશ્વર, પુરી, દિલ્હી, અમૃતસર અને યુ.પી. બંગાળ તરફ જતી ટ્રેનો અત્યારથી જ પેક

રાજકોટ તા.૨૧ :

પવિત્ર આસો માસના અંતિમ દિવસોમાં વર્ષની પૂર્ણાહુતિ અને નવા વર્ષના પ્રારંભીક દિવસોમાં દિવાલી વેકેશનની રજાઓમાં અન્ય રાજયોના પર્યટન સ્થળો અને ધાર્મિક સ્થળોએ હરવા-ફરવા માટે રાજકોટ સહિતના સૌરાષ્ટ્રવાસીઓ મોટાભાગે ટ્રેનોની મુસાફરી પસંદ કરતા અત્યારથી ઉત્તર-દક્ષિણ ભારત સહિતની તમામ રાજયોની ટ્રેનો ફુલ થઈ છે અને મોટું વેઈટીંગ જોવા મળી રહ્યું છે. સૌરાષ્ટ્રના પોરબંદર, વેરાવળ, ભાવનગર, જામનગર, રાજકોટનાં રેલ્વે સ્ટેશનથી ઉપડતી-પસાર થતી અન્ય રાજયો તરફ જતી-આવતી તમામ ટ્રેનોમાં સ્લીપર અને એ.સી. કોચમાં મોટું વેઈટીંગ જોવા મળી રહ્યું છે. કન્ફર્મ ટીકીટ મળવી મુશ્કેલ બની છે.

દીવાળી વેકેશનના રજાના દિવસોમાં આ વર્ષે સૌરાષ્ટ્રવાસીઓએ ઉતર ભારતની વધુ પ્રમાણમાં પસંદગી ઉતારી છે. દિવાળી વેકેશનમાં હરીદ્વાર, ચારધામ યાત્રામાં જવા આ વર્ષે જબરો ધસારો જોવા મળી રહ્યો છે. હરીદ્વારની સામાહિક ટ્રેનમાં ૧૦૦થી ૨૫૦ જેવું વેઈટીંગ છે. એસી કોચમાં ૧૦૦ ઉપરાંત વેઈટીંગ છે. જમ્મુ કાશ્મીર, વૈષ્ણોદેવી, મનાલી, સીમલા, કટરા તરફ જતી હાપા-કટરા, જામનગર કટરા ટ્રેનોમાં પણ મોટુ વેઈટીંગ છે. દિલ્હી તરફ જતી ટ્રેનો પણ ફુલ થઈ છે. દક્ષિણ ભારત જતી ટ્રેનોમાં પણ ડિસેમ્બર સુધી સામાન્ય વેઈટીંગ છે. રામેશ્વરની સામાહિત ઓખા-રામેશ્વર ટ્રેનો ફુલ છે. યુપી અને બંગાળ તરફની ઓખા-ગોરખપુર અને પોરબંદર-હાવડા ટ્રેનો પણ ફુલ છે.

દિવાળી વેકેશનની રજાઓમાં પર્યટન અને ધાર્મિક સ્થળોએ જતી તમામ ટ્રેનો અત્યારથી ફુલ હોવાથી કન્ફર્મ ટિકીટ મળવી મુશ્કેલ છે. સૌરાષ્ટ્રવાસી અનેક પ્રવાસીઓને હવે નાછુટકે તત્કાલ ટીકીટ બુક કરાવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સામાન્ય અને મધ્યમ વર્ગના પ્રવાસીઓ મોટાભાગે સ્લીપર કોચની પસંદગી કરે છે કારણ કે એસી કોચની સરખામણીએ ભાડુ ઓછું હોવાથી મોટાભાગે સ્લીપર કોચમાં એડવાન્સ બુકિંગ કરાવ્યા છે. જયારે ગર્ભ શ્રીમંતો મોટાભાગે ૩ ટીયર ૨ ટીયર અને ફર્સ્ટ કલાસની પસંદગી કરી ટિકીટો બુક કરાવી છે. હવે દિવાળીની રજાઓમાં ટ્રેનોની મુસાફરી માટે તત્કાલ ટીકીટનો જ વિકલ્પ રહ્યો છે.

સત્ય , સેવા અને સંસ્કારની સૌરભ પ્રસરાવતા નિડર, તટસ્થ, તેમજ પ્રજાના પ્રશ્નોને સતત વાચા આપતા પ્રજાલક્ષી સૌરાષ્ટ્ર ક્રાંતી ને નવમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા શુભેચ્છા...

ADVOCATE

કુલદિપસિંહ જાડેજા (એડવોકેટ)

(પ્રેસીડેન્ટ સૌરાષ્ટ્ર જુનીયર એડવોકેટ એસોસિયેશન) મો.૮૧૬૦૩ ૫૧૨૨૦,૭૮૭૮૯ ૧૩૩૦૨

ઓફીસ એડ્રેસઃ ૧૨૪ શ્યામલ ઈન્ફીનિટી જે.કે.ચોક યુનિ.રોડ રાજકોટ

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.